# જીરાવલા દર્શન



ૐ હ્રીં શ્રી જીરાવલા પાર્શ્વનાથાય નમઃ
આત્મકમલલબ્ધિભુવનતિલકભદ્રંકરસૂરિ ગુરુભ્યો નમઃ

# શ્રી જીરાવલા તીર્થ માહાત્મ્ય

: ગુર્જર ભાષાનુવાદક :

પૂ. કર્નાટકકેસરિ આચાર્યદેવ
શ્રીમદ્વિજય ભદ્રંકરસૂરીશ્વરજી
મહારાજના શિષ્યરત્ન
પૂ. પંન્યાસજી મહારાજ પુણ્યવિજયજી ગણિવર

લેખક : પ્રો. સોહનલાલ પટણી.
એમ. એ. (સંસ્કૃત, હિન્દી)

પ્રકાશક :
શ્રી જીરાવલા પાર્શ્વનાથ જૈન તીર્થ જીરાવલ
વાયા રેવદર (જિ. સિરોહી)

જીરાવલા દર્શન :

પ્રથમ આવૃત્તિ ૧૯૮૨

નકલ. ૩૦૦૦.

કિંમત રૂા. ૪-૦૦

પ્રકાશક :

જીરાવલા પાર્શ્વનાથ જૈન તીર્થ

જીરાવલ. વાયા રેવદર (જિ. સિરોહી)

મુદ્રક :

દીપક પ્રિન્ટરી

રાયપુર દરવાજા પાસે,

અમદાવાદ-૧.

ॐ ह्रीं श्री जीरावला पार्श्वनाथाय नमः

# 卐 આભાર 卐

પાયા પા સકતા થા જિતના,
છોટા યહ જીવન હૈ કિતના,
પુણ્ય સલિલ સે તેરે પ્રભુવર !
યહ જીવન ગાગર ભરી ભરી ॥

સંવત્સરી
૨૦૩૩ વિક્રમી

સોઽહં

# ❋ અનુક્રમણિકા ❋


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| ૧ | ચાલો, જિનમંદિર દર્શને | ... ૧ |
| ૨ | અતીતની અટારીએથી ઐતિહાસિકતા અવલોકીયે | ...૧૭ |
| ૩ | યાત્રા સંઘોને સ્મૃતિપથમાં લાવીએ | ...૩૫ |
| ૪ | આચાર્યપુંગવોના ચાતુર્માસની યાદી | ...૪૩ |
| ૫ | જીરાવલની યશોગાથા | ...૪૪ |
| ૬ | જીરાવલ ગચ્છની ઉત્પત્તિ: ગચ્છના પ્રસિદ્ધ આચાર્યો | ...૫૬ |
| ૭ | જીરાવલા પાર્શ્વનાથના ચમત્કાર | ...૫૯ |
| ૮ | મૂંગથલા આદિ મંદિર જુહારિયે | ...૬૫ |



શ્રી તીર્થમંડલ પાર્શ્વનાથ પ્રભુ
( આ મૂર્તિ બાજુના કક્ષમાં બિરાજમાન છે. )

# ચાલો, જિનમંદિર દર્શને....

અનેક ગિરિમાળાઓની વચ્ચે શોભાયમાન શ્રી જીરાવલા મંદિરના પ્રથમ દર્શને આત્મા હર્ષવિભોર બની જાય છે.

જાણે સ્વર્ગપુરીમાંથી તિરસ્કૃત થયેલું ભવ્ય–ચિત્તા–હ્લાદક વિમાન અહીં ન આવ્યું હોય એવો ભાસ થઈ જાય છે.

પ્રભુના દર્શન માટે લાલાયિત જીવને એકદમ દર્શન તો ન જ થાયને! વચમાં અનેક વિચિત્રતા જોતાં–જોતાં જ મુખ્ય ગભારે પહોંચાય. ત્યાર પછી જ હૈયાનો હાર –ચિત્તચકોર વ્હાલા પાર્શ્વપ્રભુના દર્શન મલે.

ચાલો ત્યારે, તમો પ્રભુના દર્શન–યાત્રા કરવા પધાર્યા છો. તો ધર્મશાળામાં બેડીંગ આદિને વ્યવસ્થિત રાખીને આગળ વધો. ધર્મશાળાના મોટા દરવાજાની ડાબી બાજુ, કુવા ઉપરના સ્થાન આગળ સ્નાનક્રિયા પતાવી લો....બહેનો માટે અંદરની બાજુ જગ્યા છે. તેની પાસે જ ભોજનશાળા તથા કોઠાર વિગેરે છે.

હવે તમે પૂજાપો લઈ ને મંદિર તરફ ચાલો...

મંદિરના ડાબા હાથ તરફ ચબુતરાની પાસે એક સંવત ૧૮૫૧ નો શિલાલેખ છે. આમાં પૂ. આચાર્યદેવ શ્રી રંગવિમલસૂરિ મહારાજનું શુભ નામ છે. તથા મોટા જિર્ણોદ્ધારનો ઉલ્લેખ છે.

"જે સમયે પૂ. આચાર્યશ્રી સંઘ લઇને યાત્રાર્થે પધાર્યા હતા. તે સમયે સંઘને જિર્ણોદ્ધાર માટે સચોટ ઉપદેશ આપતાં ૩૦૨૧ (૩૦૨૧) રુ. ના ખર્ચે શિખરનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો."

હજુ પણ દાદાના દરબારે આગળ વધીયે...

પ્રવેશ કરતાં જ દરવાજાની અંદર લોખંડની જાળીની પાસે ત્રણ શિલાલેખોના કંઈક ભાગ છે. પહેલામાં ફક્ત એક જ લાઈન છે. જેમાં નીચે ૧૫૧૧ ની સાલ જ વંચાય છે. ત્રીજી જાળીની પાસે બે વિભાગમાં શિલાલેખ જુદો–જુદો છે તેનો સંવત વંચાતો નથી. સામે જ દાંડીયા રાસ લેવાના મંડપના ગુંબજમાં આકર્ષક સોનેરી ચિત્રકળા છે. આ મંડપમાં મોટી પૂજા આદિના સમયે ભજન મંડળી સંગીતના સુમધુરની રમઝટ જમાવતાં સહુ યાત્રિકોનાં મન મોહી લે છે. એટલું જ નહિં પણ જિનભક્તિમાં લયલીન બનાવી દે છે.

આગળ જતાં શૃંગારચોકી આવે છે. જેના સ્થંભો પર ચિત્રિત સોનેરી આર્ટ યાત્રિકોના મનનું હરણ કરી લે છે. જેને જોવા માટે યાત્રિક ચિત્રની માફક સ્થંભિત બની જાય છે. અહીં સામે જ ડાબા હાથ તરફ શાશ્વતગિરિ શ્રી શત્રુંજય અને જમણા હાથ તરફ પૂર્વદેશ ભૂષણ શ્રી સમ્મેતશિખરજીનો કોતરેલો પટ યાત્રિકોને દર્શન આપી રહ્યો છે.

ગૂઢ મંડપમાં ડાબી બાજુ શ્રી પાર્શ્વયક્ષ અને જમણી બાજુ શ્રીમતી પદ્માવતી દેવી યાત્રિકોને ઇચ્છિત વરદાન આપતી શોભી રહી છે.

મુખ્ય ગભારામાં પ્રવેશ કરતાં જ જમણી અને ડાબી બાજુ શ્યામવર્ણવાળા શ્રી પાર્શ્વનાથ પ્રભુની બે પ્રતિમા છે. સામે જ પબાસણ ઉપર મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન પ્રતિષ્ઠિત છે. બન્ને તરફના પાર્શ્વપ્રભુના બિંબ દર્શકોના ચિત્ત ચોરી લેતા દર્શન આપે છે.

આ મૂળનાયક પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા સંવત ૨૦૨૦ વૈશાખ સુદ ૬ સોમવારના મંગલ દિવસે શ્રી નાકોડા તીર્થોદ્ધારક પૂ. આચાર્ય શ્રી હિમાચલસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. મુનિવર્ય શ્રી ત્રિલોકવિજયજી મહારાજના વરદ હસ્તે થઈ હતી.

આના પહેલાં મૂળનાયક તરીકે શ્રી નેમનાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત હતી હમણાં મુખ્ય મંદિરની લગોલગ બે દેરીમાંથી એક દેરીમાં વિરાજીત છે. મંદિરની જોડે જ પહેલી દેરીમાં આ તીર્થના અધિપતિ શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનની બે પ્રતિમાજી છે. તેમાં એક ખૂબ પ્રાચીન અને બીજી કેટલોક સમય ગયા પછી તેના બરોબર જ બનાવેલી પ્રતિમા છે. (કોપી ટુ કોપી) આની નીચે પદ્માવતી દેવીની ઉભી પ્રતિમા છે. જેના દર્શન કરીને ભક્ત લોક મનોકામના પૂર્ણ કરે છે. પાસેની બીજી દેરીમાં બસો વર્ષ સુધી આ તીર્થના મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત મનો-

વાંછિતપૂરક શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિમા છે. કિંવદન્તી છે કે, આ મૂર્તિ જીરાવલ અને વરમાણની વચમાં ઊંડાવાલાની પાસે નાદંલા નામના મોટા પત્થરની પાસેના ખેતરમાંથી પ્રકટ થઈ હતી.


મૂલનાયક પ્રભુના દર્શન કરીને તમારો પરિશ્રમ ઉતરી જ ગયો હશે. 'આત્મા ખુશખુશાલ બની ગયો હશે.' તન-મનના પાપ ધોવાય જતાં આત્મા નિર્મલ બન્યો હશે ? હજુ પણ જિનબિંબોનાં દર્શન કરીને પાવન બનવું છે ને ? તો ચાલો ત્યારે ભમતીની પ્રદક્ષિણા દેતાં દેરીઓમાં પ્રતિષ્ઠિત પ્રતિમાજીના દર્શન-વંદન કરી કૃતાર્થ બનીયે.

આ દેરીઓની વિશેષતા એ છે કે, ભારતભરના પ્રસિદ્ધ પાર્શ્વનાથ ભગવંતો જેમ કે, અજાહરા-અંતરિક્ષ આદિ પાર્શ્વપ્રતિમાની સ્થાપના કરાઈ છે. જેના દર્શન કરતાં સર્વ તીર્થોની યાત્રા કર્યાનો લાભ મલતાં આત્મા હર્ષથી નાચી ઉઠશે...


હવે આપણે ક્રમસર દેરીને જુહારીયે....

(૧) પ્રથમ દેરીમાં શ્રી જીરાવલા પાર્શ્વનાથ તથા મુનિસુવ્રતસ્વામિ ભગવાન પ્રતિષ્ઠિત છે. ભગવાન મુનિસુવ્રતસ્વામિનું કાળા પથ્થરવાળુ બિંબ ઘણું જ દર્શનીય છે.


(૨) બીજી દેરીમાં શ્રી દાદા પાર્શ્વનાથ, શ્રી પંચાસરા પાર્શ્વનાથ અને શ્રી કલ્યાણ પાર્શ્વનાથ ભગવાન અલંકૃત છે. આ દેરી પર સંવત ૧૪૮૧ નો એક લેખ છે. જેમાં પૂ. આચાર્યશ્રી રત્નસિંહસૂરિનો ઉલ્લેખ છે.




ભમતીનું દૃશ્ય



ભમતીની અપૂર્વ શોભા



ભોજનશાળા તથા ધર્મશાળા



જયરાજ પર્વત અને જીરાવલતીર્થ

ઘણી જ દેરીયો પર સંવત ૧૪૮૧ નો લેખ છે. તેમાં અલગ–અલગ આચાર્યપ્રવરોના શુભ નામ છે. જેથી અનુમાન કરાય છે કે, તે સમયે શ્રી જીરાવલા પાર્શ્વનાથ તીર્થનો મહિમા–પ્રસિદ્ધિ–માન્યતા સારા પ્રમાણમાં હશે. જેના પ્રતાપે પૂ. આચાર્ય ભગવંતો તેના જિર્ણોદ્ધાર માટે સારી એવી રકમો ભેટ મોકલતા હશે. બીજી દેરીનો જિર્ણોદ્ધાર વીસનગરના પોરવાડ ખેતસીભાઈએ સ્વ ખર્ચે કરાવેલ છે.

(૩) શ્રી અજાહરા પાર્શ્વનાથ અને શ્રી શાન્તિનાથ પ્રભુથી અલંકૃત ત્રીજી દેરી છે. જેના પર સંવત ૧૪૮૧ નો પણ લેખ છે.

(૪) ચોથી દેરીમાં પ્રતિષ્ઠિત શ્રી માણિક્ય પાર્શ્વનાથ, શ્રી નવખંડા પાર્શ્વનાથ અને શ્રી સુર્યમંડળ પાર્શ્વનાથ બિંબ છે. આ દેરી પર સંવત ૧૪૮૧ નો લેખ છે.

(૫) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ, શ્રી વરકાણા પાર્શ્વનાથ અને શ્રી લોદ્રવા પાશ્ર્વનાથ પ્રભુથી મંડિત પાંચમી દેરી છે.

(૬) છઠ્ઠી દેરીમાં પ્રતિષ્ઠિત શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ, શ્રી ભાભા પાશ્ર્વનાથ અને શ્રી મોરૈયા (મોરિયા) પાશ્ર્વનાથ ભગવાન છે. આ દેરી પર સંવત ૧૪૮૭ પોષ સુદ ૨ રવિવારનો લેખ છે. પૂ. આચાર્ય મેરુતુંગસૂરિજીના પટ્ટધર ગચ્છનાયક પૂ. આચાર્ય શ્રી જયકીર્તિસૂરના ઉપ-

દેશથી આ દેરીનું નિર્માણ યાને જિર્ણોદ્ધાર થયો હતો. પૂ. આચાર્યદેવ મેરુતુંગસૂરિમહારાજે પ્રબંધ ચિંતામણિ નામના ગ્રંથની રચનામાં શ્રી જીરાવલ્લી પાર્શ્વનાથ સ્તોત્રની રચના કરતાં લખ્યું છે કે:–

ઇતિ શ્રી જીરિકાપલ્લી–સ્વામિ પાર્શ્વજિન સ્તુતઃ ।
શ્રી મેરુતુંગસૂરેઃ સ્તાત્,: સર્વ સિદ્ધિપ્રદાયકઃ ।।

(૭) સાતમી દેરીના ભૂષણરુપ શ્રી ફૂલોધી પાર્શ્વનાથ અને શ્રી શાન્તિનાથ ભગવાન છે. આ દેરીના સંવત ૧૪૯૧ ના લેખમાં સોમચંદ્રસૂરિ, મુનિ સુંદરસૂરિ, જયચંદ્રસૂરિ અને ભુવનસુંદરસૂરિના નામ છે. આચાર્ય સોમસુંદરસૂરિનો સમય ૧૪૫૬ થી ૧૫૦૦ સં.નો છે. આ આચાર્ય ભગવંતે તારંગા તથા રાણકપુરના મંદિરોની પ્રતિષ્ઠા કરાવી હતી. આ આચાર્ય ભગવંતના જૈન સાહિત્યમાં એક ભવાયુગ મનાઈ ગયો છે. આચાર્યશ્રીના શિષ્ય મુનિસુંદરસૂરિ, જયચંદ્રસૂરિ અને ભુવનસુંદરસૂરિ ઘણા જ વિદ્વાન્, લેખક અને ઉપદેશક હતા.

* મુનિસુંદરસૂરિજીએ દેલવાડામાં મહામારીની શાંતિ નિમિત્તે સંતિકરં સ્તોત્રની રચના કરી હતી. અને રોહિડા ગામમાં તીડનો ઉપદ્રવ શમાવ્યો હતો. આચાર્યશ્રીએ ૧૦૮ હાથ લાંબો પત્ર પોતાના દાદા ગુરુદેવ સોમસુંદરસૂરિની સેવામાં મોકલ્યો હતો. જેના ત્રીજા સ્તોત્રનો

* સોમસૌભાગ્ય સર્ગ ૧૦ શ્લોક ૬૭ થી ૭૧.

ગુર્વાવલીના નામનો એક વિભાગ હજુ પણ મલે છે. જેમાં ભગવાન મહાવીરથી લઇને સોમસુંદરસૂરિ યુગ સુધીના તપાગચ્છ આચાર્યોનો પ્રામાણિક ઇતિહાસ છે. બીજા આચાર્ય જયચંદ્રસૂરિ અને ત્રીજા આચાર્ય ભુવનસુંદરસૂરિ ઘણા વિદ્વાન હતા. તેમણે પણ કેટલાય પ્રાકૃત–સંસ્કૃત ગ્રંથોની રચના કરીને જૈન શાસનનો વિજય ધ્વજ જગમાં લ્હેરાતો કર્યો છે.

(૮) શ્રી કરહેડા પાર્શ્વનાથ અને શ્રી નાકોડા (નવકોટિ) પાર્શ્વનાથ પ્રભુ આઠમી દેરીને દીપાવી રહ્યા છે. આ દેરી પર સંવત ૧૪૮૧ નો લેખ છે.

(૯) નવમી દેરીમાંથી મનમોહન પાર્શ્વનાથ, શ્રી ગોડિજી પાર્શ્વનાથ અને શ્રી પોસીના પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠિત છે. સં. ૧૪૮૧ નો લેખ છે.

(૧૦) દસમી દેરી પર સં. ૧૪૮૩ ભાદરવા વદ ૭ ગુરુવારનો લેખ છે.

જેમાં શ્રી નેમનાથ સ્વામી, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મલ્લિનાથ સ્વામીની પ્રતિમા વિરાજીત છે.

(૧૧) અગ્યારથી ઓગણીસ દેરિઓપર પણ ઉપરોક્ત સંવતનો લેખ છે.

આ દેરીમાં શ્રી પાર્શ્વનાથ. શ્રી કલિકુંડપાર્શ્વનાથ અને શ્રી કલ્યાણપાર્શ્વનાથની પ્રતિમાઓ વિરાજીત છે.

(૧૨) શ્રી શીતલનાથ, શ્રી પાર્શ્વનાથ. શ્રી મુનિસુવ્રત સ્વામી અને શ્રી શાન્તિનાથ ભગવાનની પ્રતિમાઓ બારમી દેરીમાં પ્રતિષ્ઠિત છે.

(૧૩) શ્રી પદ્મપ્રભુ, શ્રી ભીડભંજન પાર્શ્વનાથ અને શ્રી નેમનાથ ભગવાનના બિંબોથી અલંકૃત તેરમી દેરી છે. આ દેરી અને ચૌદમી દેરીના વચલા ગોખલામાં શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમા સં. ૧૪૮૬ ના અધિષ્ઠિત છે.

(૧૪) ચૌદમી દેરીના ભૂષણસમા શ્રી આદીશ્વર ભગવાન (શ્યામવર્ણ) અને નાગરહિત શ્રી પાર્શ્વનાથ ભગવાન છે

(૧૫) અવંતિ પાર્શ્વનાથ, શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ અને શ્રી પોસીના પાર્શ્વનાથ બિંબથી અલંકૃત પંદરમી દેરી છે.

(૧૬) સોળમી દેરીનો લેખ ઘસાઇ ગયો છે. પરંતુ માલુમ પડે છે કે, આ દેરી શ્રી આદિનાથ ભગવાનની હતી. અને આ દેરીની પ્રતિષ્ઠામાં પૂ. આચાર્ય અરસૂરિજીનું નામ આવેલ છે. પરંતુ વર્તમાનમાં આ દેરામાં શ્યામવર્ણ પાર્શ્વનાથ, શ્વેતવર્ણ પાર્શ્વનાથ અને શ્યામવર્ણ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાઓ શોભા રહી છે.

(૧૭) સત્તરમી સદીમાં પ્રતિષ્ઠિત શ્રી નવલખા પાર્શ્વનાથ, શ્રી મક્ષીપાર્શ્વનાથ અને શ્રી નવપલ્લવીયા પાર્શ્વનાથની પ્રતિમાઓ છે.

(૧૮) અઢારમી દેરી પરના લેખ ઉપર આચાર્ય

જયસિંહસૂરિનો ઉલ્લેખ છે. જયસિંહસૂરિજી તે સમયના એક મોટા પ્રભાવિક આચાર્ય હતા. આ દેરામાં હમણાં શ્રી શાન્તિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી ચંદ્રપ્રભુની સુંદર મૂર્તિઓ છે. આ. જયસિંહસૂરિજીએ ભરૂચના પ્રસિદ્ધ શકુનિકા વિહાર નાયક મુનિસુવ્રત સ્વામિ મંદિરના માટે તેજપાલ પાસેથી ઘણી સારી રકમ પ્રાપ્ત કરી હતી. તેઓશ્રીની લખેલી પ્રશસ્તિ "હમ્મીરમદ મર્દન" કાવ્યની પ્રતના અંતમાંથી મલી છે. આ દેરી તેરમી સદીના અંતમાં બની હોવી જોઇએ. અથવા બની શકે છે કે તેઓશ્રીની શિષ્ય પરંપરાએ આ દેરી માટે મારી રકમ આપવા માટે ઉપદેશ આપ્યો હોય. આ. જયસિંહસૂરિજીએ "કુમારપાલ ચરિત્ર"ની રચના કરી છે. તેઓશ્રી કૃષ્ણર્ષિગચ્છના હતા.

(૧૯) ઓગણીસમી દેરી પરના લેખમાં આચાર્ય ભુવનસુંદરસૂરિજીનું નામ આવેલું છે. જેઓ આચાર્ય શ્રી ભુવનસુંદરસૂરિજીના ત્રીજા શિષ્ય હતા. જે ઘણા જ્ઞાનીહતા. આ દેરીમાં હમણાં શ્રી ચવલેશ્વર પાર્શ્વનાથ, શ્રી વરેજ પાર્શ્વનાથ અને શ્રી ગાંગાણી પાર્શ્વનાથની પ્રતિમા પ્રતિષ્ઠિત છે.

(૨૦) વીસમી દેરી પર સંવત ૧૪૧૨ નો લેખ છે. તેની બાજુના સ્થંભપર ૧૪૮૩ સં.નો લેખ છે. આ લેખો જિર્ણોદ્ધારના છે.

(૨૧) સંવત ૧૪૮૩ ના લેખવાળી એકવીસમી દેરીમાં શ્રી ચંદ્રપ્રભસ્વામી, શ્રી પાર્શ્વનાથ અને શ્રી સંભવનાથ સ્વામીના બિંબો અધિષ્ઠિત છે.

(૨૨) બાવીસમી દેરીનો લેખ સં. ૧૪૨૪ વૈશાખ વદ ૩ નો છે. પરંતુ થાંભલા ઉપર ૧૪૮૩ વિ. સં.નો લેખ છે. આ દેરીમાં શ્રી પાર્શ્વનાથ શ્રી સમ્મેતશિખર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા શોભે છે.

(૨૩) સં. ૧૪૮૩ ના લેખથી યુક્ત ત્રેવીશમી દેરીમાં શ્રી નગીના પાર્શ્વનાથ શ્રી પાર્શ્વનાથ અને સાચા પાર્શ્વનાથ બિરાજમાન છે.

(૨૪) બે પાર્શ્વનાથ ભગવાન ને શ્રી ધર્મનાથ ભગવાનથી સમલંકૃત ચોવીસમી દેરી છે.

(૨૫) પચ્ચીસમી દેરી શ્રી ભટેવા પાર્શ્વનાથ, શ્રી સાંવલા પાશ્ર્વનાથ અને મનવોછિત પુરણ પાશ્ર્વનાથ ભગવાનથી દીપી રહી છે.

(૨૬) શ્રી મહાવીર સ્વામિ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી શાંતિનાથ ભગવાનથી પ્રતિષ્ઠિત છવ્વીસમી દેરીની બાજુમાં પટોની દેરી છે. જેમાં સામે પ્રથમ તીર્થપતિની નિર્વાણ-ભૂમિ શ્રી અષ્ટાપદજીનો પટ છે. જમણા હાથ તરફ તીર્થ શિરતાજ ગિરનાર અને ડાબી બાજુ આબુરાજનો પટ છે.

(૨૭) આ પછી સત્તાવીશમી દેરીમાં શ્રી આદીશ્વર ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી ધર્મનાથભગવાન પ્રતિષ્ઠિત છે. આની સામે વરંડાના થાંભલા પર બે લેખ છે. એક પર (સંવત ૧૪૮૭ નો ) આચાર્ય ધર્મશેખરસૂરિજીના શિષ્ય દેવચંદ્રજીને નિત્ય પ્રણામની વિગત છે. અને બીજા સ્થંભપર સહલસુંદરજીને નિત્ય વંદનનો ઉલ્લેખ છે. જે દેવચંદ્રસૂરિ +કાસદ્રહ ગચ્છના જણાય છે.

---

+ વર્તમાનમાં કાસિન્દ્રા.

(૨૮) અઠ્ઠાવીસમી દેરી ઉપર ચાર લેખ છે, ઉપરના લેખમાં ખરતર ગચ્છાધિરાજ દાદા સાહેબ જિનદત્તસૂરિજીનું નામ આવેલું છે. સંવત વંચાતો નથી. એની નીચેનો બીજો લેખ પણ ઉકેલી શકાતો નથી. દેરીના બન્ને તરફના થાંભલા પર સંવત ૧૪૮૭ નો લેખ છે. જે જિર્ણોદ્ધાર વિષયનો છે. આ દેરીમાં ' શ્રી જેરીંગપાર્શ્વનાથ, શ્રી બલેચા પાર્શ્વનાથ અને શ્રી ધીંગડમલ્લા પાર્શ્વનાથ સ્વામિ અલંકૃત છે.

(૨૯) ઓગણત્રીશમી દેરી પર સંવત ૧૪૮૩ વૈશાખ સુદ ૧૩ નો લેખ છે. એમાં અચલગચ્છના મહાન આચાર્ય મેરુતુંગસૂરિજીનું નામ આવેલું છે. જેઓ કોઇ સંઘ લઈને પધાર્યા હતા. આચાર્યશ્રી મોટા સમર્થ આચાર્ય અને આચાર્ય મહેન્દ્ર પ્રભસૂરિજીના શિષ્ય હતા. આ દેરીમાં શ્રી સુપાર્શ્વનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મુનિસુવ્રતસ્વામિની પ્રતિમાઓ છે.

(૩૦) ત્રીસમી દેરી શ્રી મહાવીરસ્વામી, શ્રી દુધિયા-પાર્શ્વનાથ અને ચકડેશ્વરપાર્શ્વનાથ અલંકૃત છે.

(૩૧) શ્રી વાસુપૂજ્ય સ્વામી, શ્રી પાર્શ્વનાથ અને શ્રી શાન્તિનાથ ભગવાનથી સમલંકૃત એકત્રીસમી દેરીનો. જિર્ણોદ્ધાર મીઠડિયા ગોત્રના ઓસવાલ સંગ્રામજીના પુત્ર સલખાના પુત્ર તેજા અને તેની ધર્મપત્ની તેજલદેવીના પુત્રોએ કરાવ્યો હતો. આચાર્ય જયકીર્તિસૂરિજી, આચાર્ય મેરુતુંગસૂરિજીના શિષ્ય ઉપદેશ આપનારા હતા.

(૩૨) સંવત ૧૪૮૩ ના જિર્ણોદ્ધારથી અલંકૃત બત્રીસમી દેરીમાં શ્રી રાયણપાર્શ્વનાથ, શ્રી દુઃખભંજન પાર્શ્વનાથ અને નાકલાપાર્શ્વનાથ પ્રભુ બિરાજમાન છે.

(૩૩) શ્રી પાર્શ્વનાથ, શ્રી ગાડરિયાપાર્શ્વનાથ, અને શ્રી આદીશ્વર ભગવાનથી પ્રતિષ્ઠિત તેત્રીસમી દેરી છે.

(૩૪) ચોત્રીસમી દેરી શ્રી ડોકરિયાપાર્શ્વનાથ, શ્રી ગાઠરિયાપાર્શ્વનાથ અને શ્રી આદીશ્વર ભગવાનથી દીપી ઉઠી છે.

(૩૫) પાંત્રીસમી દેરીમાં શ્રી સુમતિનાથ, શ્રી નાકડા પાર્શ્વનાથ અને શ્રી પાર્શ્વનાથ પ્રભુ છે. આ દેરી પર સંવત ૧૪૮૩ નો લેખ છે. પરંતુ પાંત્રીસ અને છત્રીસમી દેરીના વચલા થાંભલા ઉપર સંવત ૧૨૩૩, ૧૧૩૩, ૧૩૩૩, વાંચી ન શકાય તેવા લેખ છે.

(૩૬) છત્રીસમી દેરીમાં ફક્ત બે પ્રતિમાજી શ્રી શાન્તિનાથ અને શ્રી મહાવીર સ્વામી પ્રતિષ્ઠિત છે.

(૩૭) સાડત્રીસમી દેવકુલિકામાં ભગવાન શ્રી નાગેન્દ્ર પાર્શ્વનાથ શ્રી આદિનાથજી અને શ્રી શાંતિનાથજી અલંકૃત છે.

(૩૮) આડત્રીસમી દેરી પર પણ ૧૪૮૩ નો લેખ છે. આ દેરીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની બન્ને બાજુ શ્રી શાન્તિનાથ ભગવાન પ્રતિષ્ઠિત છે.

(૩૯) ઓગણચાલીસમી દેરીના વચમાં શ્રી સંભવનાથ પ્રભુની બન્ને બાજુ શ્રી પાર્શ્વનાથ સ્વામિની મૂર્તિઓ છે.

આ દેરીના બહાર ગોખલામાં શ્રી શ્રેયાંસનાથ પ્રભુની પ્રતિમા છે. સામે વરંડાના સ્થંભ પર સંવત ૧૫૩૪ નો લેખ છે. જેમાં માલગાંવ નિવાસી શેઠનું નામ છે.

હવે આ ઓરડી આવી છે. એમાં પ્રવેશ કરતાં જ ડાબા હાથની તરફ પાંચ પ્રતિમા બિરાજમાન છે. અહીં ભીંતમાં મહાન ચમત્કારિક સ્વસ્તિક યંત્ર કોતરેલો છે. મંદિરનો સમય-સમય પર જિર્ણોદ્ધાર થતો રહ્યો છે. પરંતુ મંદિરની પ્રાચીનતાના દર્શન તો અહીં જ થાય છે. અહીંયા સામે સંવત ૧૬૮૫ ના બે કાઉસ્સગ્ગીયા દેખાય છે. એની જમણી અને ડાબી બાજુ સામસામેની દેરીમાં શ્રી મહાવીર :સ્વામિના બિંબો છે. આ રુમમાં જમણી બાજુ સ્વસ્તિક યંત્રની સામે ૨૪ જિનમાતાઓનો પટ છે. આ રુમમાં ૧૫૨૫ સં. ની જે ધાતુની પ્રતિમા છે, તેના પર ખરતરગચ્છાચાર્ય જિનસુંદરસૂરિજીના શિષ્ય જિનહર્ષ-સૂરિજીનું નામ છે.

(૪૦) ચાલીસમી દેરી પર ૧૪૮૩ સં. નો સ્થંભ પર લેખ છે. તેનાથી અલગ ૧૪૨૧ સં. નો લેખ છે. જેમાં આચાર્ય કક્કસૂરિજીના શિષ્ય દેવસૂરિજીનું નામ આવેલું છે. આ દેરીમાં શ્રી કલિયુગપાર્શ્વનાથ, શ્રી શંખલપુર-પાર્શ્વનાથ અને શ્રી નીલકંઠપાર્શ્વનાથ પ્રભુ અલંકૃત છે.

(૪૧) આ એકતાલીસમી દેરી પર બે લેખ છે. એક સં. ૧૪૨૧ નો અને બીજો ૧૪૮૩ નો છે. આ દેરીનો જિર્ણોદ્ધાર ભુવનસુંદરસૂરિજીના ઉપદેશથી થયો હતો. આ

દેરીમાં હમણાં શ્રી ગેલાપાર્શ્વનાથ, શ્રી સહસ્રફણાપાર્શ્વનાથ અને શ્રી હાલતીયાપાર્શ્વનાથ પ્રભુ વિરાજીત છે.

(૪૨) શ્રી આદીશ્વર ભગવાન, શ્રી સુરસરાપાર્શ્વનાથ અને શીતલનાથ પ્રભુ બેતાલીસમી દેરીમાં પ્રતિષ્ઠિત છે. દેરી પર સં. ૧૪૨૧ નો લેખ છે. જે વાંચી શકાતો નથી.


(૪૩) ત્રેતાલીસમી દેરી પર પણ સં. ૧૪૨૧ નો લેખ છે. બાજુના સ્થંભ પર ૧૪૮૩ સં. નો લેખ છે. આ દેરીમાં વર્તમાન શ્રી શ્રેયાંસનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા શોભે છે.

(૪૪) ચુમાલીસમી દેરીમાં શ્રી પાર્શ્વનાથજી ભગવાન શ્રી મહાવીરસ્વામીજી અને સદાશ્રેયઃકરી શ્રી શ્રેયાંસનાથજીના દર્શન થાય છે.


(૪૫) પીસ્તાલીસમી દેરી પર ઘણું કરીને સં. ૧૪૧૩ નો લેખ છે. અને બાજુના સ્થંભ પર સં. ૧૪૮૩ નો લેખ છે. આ દેરીમાં વર્તમાનમાં શ્રી ગોડીચાપાર્શ્વનાથ, શ્રી શાન્તિનાથ અને મુંજપરાપાર્શ્વનાથ ભગવાનની મૂર્તિઓ પ્રતિષ્ઠિત છે.

(૪૬) આ છેતાલીસમી દેરી પર હમણાં કોઈ લેખ નથી. અથવા જો હશે તો ચુનાની નીચે દબાઈ ગયો છે. આ દેરીમાં શ્વેતવર્ણ નાગરહિત જીરાવલાપાર્શ્વનાથજીની બન્ને બાજુ ભગવાન પાર્શ્વનાથની નાની મૂર્તિઓ શોભી રહી છે.


(૪૭) સુડતાલીસમી દેરીના લેખમાં આચાર્ય જિનચંદ્ર-



'ખેલા મંડપ'નું દૃશ્ય



ભમતીનું ભવ્ય દૃશ્ય




જીરાવલમાં પ્રતિષ્ઠાન કરેલ
ભગવાન મહાવીરની ભવ્ય પ્રતિમા



ગુંબજની શોભાનું દૃશ્ય

સૂરિજીનું નામ છે. આ દેરીમાં હમણાં શ્રી જોરવાડી-પાર્શ્વનાથ, શ્રી કંબોઇ પાર્શ્વનાથ અને શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથ પ્રતિષ્ઠિત છે.

(૪૮) અડતાલીસમી દેરી પર બધી દેરીઓના લેખોથી ભિન્ન સંવત ૧૪૮૪ નો લેખ છે. અને આચાર્ય ઉદયચંદ્રસૂરિ નામ છે. શ્રી મંડેરાપાર્શ્વનાથ, શ્રી અજિતનાથ અને શ્રી પદ્મપ્રભુ સ્વામીથી અલંકૃત અડતાલીસમી દેરી છે.

(૪૯) ઓગણપચાસમી દેરીના સં. ૧૪૮૨ ના લેખ પર આચાર્ય વિજયશેખરસૂરિજીના શિષ્ય રત્નાકરસૂરિજી નામ છે. આ દેરી વર્તમાનમાં શ્રી નેમનાથસ્વામી અને શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ પ્રભુથી અલંકૃત છે.

(૫૦) શ્રી કાપલીપાર્શ્વનાથ, શ્રી પાર્શ્વનાથ અને ઈશ્વરાપાર્શ્વનાથ ભગવાનથી અલંકૃત પચાસમી દેરી છે.

(૫૧) એકાવનમી દેરીમાં શ્રી અમીઝરા પાર્શ્વનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી પ્રસમીયા પાર્શ્વનાથ ભગવાન પ્રતિષ્ઠિત છે.

(૫૨) છેલ્લી બાવનમી દેરી પર બે લેખ છે. ઉપર સં. ૧૪૮૩ અને સ્થંભ પર ૧૪૮૧ છે. બન્ને લેખો જિર્ણોદ્ધારના જ છે.

શ્રી મહાવીર સ્વામી અને શ્રી સેરીસાપાર્શ્વનાથથી યુક્ત આ દેરી છે.

બાવન દેરીઓમાં પ્રતિષ્ઠિત ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનની ચમત્કારિ મૂર્તિઓના જીંદગીભર દર્શન-વંદન કરીને તમે ખુશખુશાલ બની ગયા ને ! સંસારની જળો વ્યથાથી મુક્ત જીવ પ્રભુ દર્શનમાં કેવો તન્મય બની ગયો... સમય ક્યાં વીતી ગયો એની પણ ખબર ના પડી...બરોબરને... સંસારમાં સાચું અમૃત જ પ્રભુ દર્શન—પૂજન છે...એવો ભાસ થયો ને....તો જરુર એકવાર "ઓમ્ હ્રીં જીરાઉલ્લા-પાર્શ્વનાથાય નમઃ" નો ૧૦૮ વાર જાપ કરી લો....

# અતીતની અટારીએથી ઐતિહાસિકતા અવલોકીયે....

ભાગ્યશાલી! જિનમંદિર જુહારીને આ તીર્થની ઉત્પત્તિ ક્યારે ? કયા સંજોગોમાં થઈ ? ઈત્યાદિનો રસમય ઇતિહાસ જાણવા તમારું મન લાલાયિત થયું જ હશે.

ચાલો ત્યારે, આ તીર્થની પૂર્વ જાહોજલાલીનું અવલોકન કરીએ....તીર્થની મહાનતાને પીછાણીએ...

જૈન તીર્થોની પરંપરામાં શ્રી જીરાવલા પાર્શ્વનાથનું આગવું વિશિષ્ટ સ્થાન છે. આ પ્રસિદ્ધ મંદિર અરાવલી પર્વતમાલાની જીરાપલ્લી નામના પહાડની ગોદમાં આવેલું છે. આ મંદિર ઘણું પ્રાચીન હર્યાભર્યા જંગલોથી ઘેરાયેલું છે. આ મંદિર પોતાની ભવ્યતા વડે કરીને અત્યંત પ્રસિદ્ધિને પામ્યું છે. કઈ સદીયોથી આ તીર્થ કઈ આચાર્ય પ્રવેશ અને ધર્મશ્રદ્ધાળુ મહાનુભાવોનું પરમ આદરણીય શરણભુત મનાયું છે. જૈન ધર્મના સાંસ્કૃતિક અને ધાર્મિક કેન્દ્ર તરીકે સુવિખ્યાત તીર્થ પંકાયું છે. પત્થરોના શિલાલેખોથી મંડિત અરતીર્થની પ્રાચીનતા અને તેની ભવ્ય ગૌરવગાથા કંઇ ગ્રંથોમાં ગવાયેલી માલુમ પડે છે. પ્રતિવર્ષ હજારો ભક્ત-યાંત્રિક વર્ગ અરતીર્થના દર્શન કરીને કૃત્યકૃત્ય બની અચિંત્યશક્તિ પ્રેરણા પ્રાપ્ત કરે છે.

આ તીર્થની ભવ્યતાનો-ચમત્કારી મૂર્તિના દર્શનનો

નાદર નમુનો હજુ સુધી પણ પ્રતિષ્ઠા તેમજ શાન્તિસ્નાત્ર આદિ શુભ ક્રિયાઓના પ્રારંભમાં "ઓમ્ હ્રીં શ્રી જીરાઉલા પાર્શ્વનાથાય નમઃ" ના પવિત્ર રક્ષા મંત્રાક્ષરોના આલેખન દ્વારા શુભ સ્મરણ કરાય છે.

આ તીર્થના મહિમાની પ્રાભાવિકતા એટલી બધી છે કે, મારવાડમાં ઘાણેરાવ, નાડલાઈ, નાડોલ, સિરોહી અને ઘાટકોપર–મુંબઈના મંદિરોમાં શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન પ્રતિષ્ઠિત છે.

જૈનશાસ્ત્રોમાં આ તીર્થની પ્રાચીનતાને દર્શાવતાં કંઈ નામોના ઉલ્લેખ આવે છે. જેવાં કે, જીરાવલ્લી, જીરાપલ્લી, જીરિકાપલ્લી અને જયરાજપલ્લી. જયરાજપલ્લી નામ મારી માન્યતા મુજબ અજયરાજ પર્વત પરથી થયું છે. જયરાજની તલાટીમાં વસેલી નગરી જયરાજપલ્લી....આચાર્ય શ્રી જિનભદ્ર-સૂરિજીના શિષ્ય શ્રી સિદ્ધાંતસૂરિજીએ શ્રી જયરાજપુરીશ શ્રી પાર્શ્વનાથ સ્તવનની રચના કરી છે. આ જ જયરાજપલ્લીનું અપભ્રંશ તરીકે જીરાવલા નામ દૃષ્ટિ પથમાં માલુમ પડે છે.

સિરોહી શહેરથી ૩૫ માઇલ પશ્ચિમની દિશામાં અને ભીનમાલથી ૩૦ માઇલ દક્ષિણ પૂર્વ દિશામાં જીરાવલા ગામમાં આ મંદિર શોભી રહ્યું છે. જે મારવાડ દેશનું એક અંગ ગણાય છે. પ્રાચીન કાલમાં જીરાવલ ઘણું મોટું અને સમૃદ્ધશાલી નગર હતું. સાંસ્કૃતિક દૃષ્ટિથી પણ આ નગરની શોભા અદ્વિતીય હતી....દેશપરદેશના વ્યાપારી-ઓનું આકર્ષણ કેન્દ્ર હતું....અનેક શૂરવીરોની જન્મદાત્રી અને

કર્મભૂમિ આ જ નગરી મનાઈ હતી....અનેક પ્રાચીન તીર્થ-માલાઓ અને પ્રાચીન સ્તોત્રોના માધ્યમથી ઇતિહાસમાં જીરાવલનું સ્થાન વિશિષ્ટતર મનાયું છે.

વર્તમાન શાસનપતિ શ્રી મહાવીરસ્વામી પ્રભુ આ ભૂમિ પર વિહાર કરતાં પધાર્યા હતા. એમ જનશ્રુતિ સંભળાય છે. કારણ કે ભીનમાલમાં મળેલા સં. ૧૩૩૩ ના લેખ પરથી આ વાત સિદ્ધ થાય છે.

ભારતીય રાજનીતિના રંગમંચ પર પ્રવેશ જ્યારે મૌર્યસામ્રાજ્યવંશી ચંદ્રગુપ્ત મૌર્યે કર્યો ત્યારે આ પ્રદેશ તેને આધીન હતો. સમ્રાટ અશોકનો જ્ઞાતિ સંપ્રતિ રાજાના શાસનકાલમાં પણ આ પ્રદેશ તેને તાબે હતો...સંપ્રતિ મહારાજના કાલમાં જૈનધર્મ ઉન્નતિના શિખરે પહોંચ્યો હતો. તેના સમયમાં અહીં જૈન મંદિરોનું નિર્માણ થયેલાના ઉલ્લેખો મળી આવે છે. ઇતિહાસકાર ઓઝાજીએ વિક્રમ સંવત બીજી શતાબ્દીના મળેલા શિલાલેખોના આધાર પર જાહેરાત કરી હતી કે મહારાજા સંપતિ પહેલાં પણ અહીંયાં જૈન ધર્મનો પ્રચાર હતો. મૌર્યોની પછી ક્ષત્રિયોએ આ પ્રદેશ પર અધિકાર જમાવ્યો હતો. મહાક્ષત્રિય રુદ્રદામાંના જુનાગઢવાલા શિલાલેખ પરથી જાણવા મળે છે કે, આ મરૂ રાજ્ય (રાજસ્થાન) ઈ. સ. ૫૫૩ માં તેના રાજ્યનો અંતર્ગત ભાગ હતો....

વિ. સં. ૩૨૬ માં કોડીનગરના શેઠ અમરાસાએ જીરા-વલા પાર્શ્વનાથ મંદિર બંધાવ્યું હતું. આ કોડીનગર ઘણું

કરીને આજે ભીનમાલની પાસે કોડીનગર છે, તેજ હોવું જોઈએ. જે કાળની લપડાક લાગતાં પોતાના વૈભવને ખોઇ બેઠું હતું. યાને સર્વનાશ થઇ ગયેલ. કોડીનગરના કિનારા પર સિંધુઘાટીની સભ્યતાના અવશેષ હજુ પણ મલી આવે છે.

આ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ જમીનમાંથી મલી આવી છે એવી જનોક્તિ સંભળાય છે. જેનો વૃત્તાંત આ પ્રકારે મળેલ છે.

"એકવાર કોડીગામના શેઠ અમરાસાને સ્વપ્નું આવ્યું- તેમણે સ્વપ્નમાં પાર્શ્વનાથ ભગવાનના અધિષ્ઠાયક દેવને જોયા....દેવે, શેઠને કહ્યું કે, જીરાવલ્લી શહેરની બહાર જમીનના ભુગર્ભમાં રહેલી પ્રતિમાને બહાર કાઢીને આ જ પહાડીની તલાટી પર સ્થાપન કરો," આ પ્રતિમા ગામની બહાર એક ગુફામાં જમીનની નીચે સ્થાપિત કરેલી હતી. સવાર થતાં જ શેઠજીએ આ સમય પર પધારેલા જૈનાચાર્યશ્રી દેવસૂરીશ્વરજી મહારાજને સારો વૃત્તાંત કહ્યો. આચાર્યશ્રીને પણ આવું જ સ્વપ્ન આવ્યું હતું. ચમત્કારિ- વાત સારા નગરમાં પ્રસરી ગઇ અને નગરજનો પ્રતિમાજીને બહાર કાઢીને દર્શન કરવા ઉત્કંઠિત બન્યા.

આચાર્યશ્રી તથા શ્રેષ્ઠી અમરાસા સ્વપ્નાનુસાર સ્થાન પર જઇને ઘણી સાવધાનીથી જમીનમાંથી પ્રતિમાને બહાર કાઢયા. જાણે ભૂમિ પર દાટેલો નિધિ મલ્યો....જાણે આચાર્યશ્રી અને શેઠનો મનોરથ ફલ્યો. ચમત્કારી પ્રતિમા બહાર

આવ્યાના સમાચાર ચારે બાજુ ફેલાઇ જતાં ગામો ગામથી જનતા પ્રભુ દર્શન માટે ઉમટી આવી. જાણે માનવોના મેળો જામ્યો. કોડીનગર અને જીરાપલ્લીના શ્રાવકોમાં ચમત્કારિ પ્રતિમા પોત–પોતાના નગરમાં લઇ જવા માટે હરીફાઇ જામી....પરંતુ આચાર્યશ્રી દેવસૂરિજી મહારાજાએ અધિષ્ઠાયક દેવની આજ્ઞાનુસાર પ્રતિમા જીરાપલ્લીમાં જ સ્થાપન કરવાનો નિર્ણય લીધો. સં. ૩૩૧ની સાલમાં આચાર્યશ્રીએ આ ભવ્ય પ્રતિમાની પ્રતિષ્ઠા કરી...

આ મંદિરનો પહેલો જિર્ણોદ્ધાર વિ. સં. ૬૬૩માં શેઠ જેતાસા ખેમાસાએ કર્યો હતો. જેઓ ૧૦ હજાર યાત્રિકોનો સંઘ લઇને જીરાવલા પાર્શ્વનાથ ભગવાનની યાત્રાર્થે આવ્યા હતા. મંદિર ઘણું જીર્ણ થઇ જવાથી સંઘમાં પધારેલા જૈનાચાર્યશ્રી મેરુસૂરીશ્વરજી મહારાજને પોતાની જીર્ણોદ્ધાર કરાવવાની ભાવના જણાવી. આચાર્યશ્રીએ પણ અનુમતિ દર્શાવતા શેઠજીનો મનમોરલો નૃત્ય કરી ઉઠયો. અને જીર્ણોદ્ધાર કરી સુકૃતનો લ્હાવો લીધો.

ચોથી શતાબ્દીમાં આ પ્રદેશ ગુપ્ત સામ્રાજ્યના અંતર્ગત હતો. ગુપ્તોના પતન પછી હુણોએ આ પ્રદેશ પર અધિકાર જમાવ્યો. હુણોના સમ્રાટ્ તોરમાણે ગુપ્ત સામ્રાજ્યનો નાશ કરીને આ પ્રદેશ પર પોતાનો પ્રભાવ પાડી પોતાના હાથ નીચે કર્યો હતો....હુણરાજા મિહિરકુલ અને તોરમાણુના સામંતો દ્વારા બનાવેલા કેટલાય સૂર્યમંદિરો શ્રી જીરાવલના આસપાસના ઇલાકોમાં આવેલા છે. જેમાં વરમાણ, કરોડી ધ્વજ (અનાદરા) અને હાથલનું

સૂર્યમંદિર પ્રસિદ્ધ છે. હાથલનું સૂર્યમંદિર તો ખંડીયેર સમું છે. પરંતુ કરોડી ધ્વજ અને વરમાણુના સૂર્યમંદિરોની પ્રતિષ્ઠા જેવી ને તેવી જ છે. કોઈ નુકશાન પહોંચ્યું નથી. ભારત વર્ષના ચાર પ્રસિદ્ધ સૂર્યમંદિરોમાં એક વરમાણુના સૂર્યમંદિરનું સ્થાન આગવું છે....

ગુપ્ત કાલના જૈનાચાર્ય હરિગુપ્ત તોરમાણુના ગુરુ હતા. એમના શિષ્ય દેવગુપ્તસૂરિના શિષ્ય શિવચંદ્રગણિવરે આ મંદિરની યાત્રા કરી હતી. ઉદ્યોતનસૂરિકૃત [1]કુવલયમાલા પ્રશસ્તિના અનુસાર, શિવચંદ્રગણિના શિષ્ય યક્ષદત્તગણિએ પોતાના પ્રભાવથી આ પ્રદેશમાં કેટલાય જિનમંદિરો બંધાવ્યા હતા. જે આસપાસ ઈલાકામાં આજે પણ મોજુદ છે. વલ્લભીપુર (વળા) ના શિલાદિત્ય રાજાને જૈનધર્મમાં દીક્ષિત બનાવનારા આચાર્ય ધનેશ્વરસૂરિએ આ મંદિરની યાત્રા કરી હતી.

યક્ષદત્તગણિના શિષ્ય વટેશ્વરસૂરિએ આકાશવપ્રનગરમાં એક મનોહર જૈનમંદિર બંધાવ્યું હતું જે પ્રભુના દર્શન માત્રથી લોકોનો ક્રોધ શાંત થઈ જતો હતો. આકાશવપ્રનો અર્થ એ થાય છે કે, આકાશનો સ્પર્શ કરે તેવો પર્વતનો ઉતાર....જીરાવલાનું આ મંદિર પણ આકાશને સ્પર્શ કરતા પર્વતના ઉતારપર રહેલું છે. અને લોકોકિત છે કે જીરાવલાનું આ મંદિર આકાશ માર્ગથી લાવવામાં આવ્યું

---

૧. આ ગ્રંથની રચના જાલોરમાં થઈ છે.

છે. કદાચ માનવામાં આવી શકાય કે આકાશ માર્ગથી લાવેલું આ મંદિર આકાશવપ્ર નામના સ્થાનની સાર્થકતા સિદ્ધ કરે.

વટેશ્વરસૂરિના શિષ્ય તત્ત્વાચાર્ય હતા. ઉદ્યોતનસૂરિના વિદ્યાગુરુ આચાર્ય હરિભદ્રસૂરિ હતા. જે ચિત્રકુટ (ચિત્તોડ) ના નિવાસી હતા. તેઓશ્રીએ જીરાવલા મંદિરની ફરીથી પ્રતિષ્ઠાનો સંબંધ બનાવ્યો છે.

મોહનલાલ દલીચંદ દેસાઈએ પોતે લખેલ જૈન સાહિત્યના સંક્ષિપ્ત ઇતિહાસના પેજ ૧૩૩ પર આકાશવપ્રનગરને અનંતપુરનગરથી જોડેલ છે. ઇતિહાસપ્રેમી મુનિ કલ્યાણવિજયજીએ આ નગરને અમરકોટથી જોડેલ છે. પરંતુ વટેશ્વરસૂરિજીનું આકાશવપ્ર સિંધના અમરકોટ સાથે ઘટી શકતું નથી. તે તો ભીનમાલના આસપાસના પ્રદેશોમાં જ હોવું જોઈએ અને તે મંદિર પ્રસિદ્ધ હોવું જોઇએ. આ બન્નેય શરત જીરાવલાની સાથે જોડેલી છે. કારણ કે જૈનતીર્થ પ્રશસ્તિમાં જીરાવલને વિશિષ્ટ સ્થાન માનેલું છે.

વિક્રમ સંવતની સાતમી શતાબ્દિના અંતમાં અહીંયા ચાવડાવંશનું રાજ્ય હતું. વસંતગઢના વિ. સં. ૬૮૨ના શિલાલેખથી આ વાતની પુષ્ટિ થાય છે. આ લેખ અનુસાર સં. ૬૮૨માં વર્મલાતના પછી તેના ઉત્તરાધિકારી વ્યાઘ્રમુખનું અહીંયા શાસન હતું. લોકો અહીં આવીને

વસ્યા હતા. વલ્લભિપૂરથી હિજરત કરીને અહીં આવ્યા હતા. દુષ્કાળના કારણે.

પોરવાલજાતિને સંગઠિત કરનાર જૈનાચાર્ય હરિભદ્ર-સૂરિજીએ (વિ. સં. ૭૫૭થી ૮૨૭) આ તીર્થની યાત્રા કરીને મંદિરની ફરીથી પ્રતિષ્ઠા કરાવી હતી.

તત્ત્વાચાર્ય વીરભદ્રસૂરિએ પણ આ તીર્થની યાત્રા કરી હતી. તેઓએ જાલોર અને ભીનમાલના કેટલાય મંદિ-રોની સ્થાપના કરી હતી.

સિદ્ધસારસ્વત સ્તોત્રના રચયિતા બપ્પભટ્ટસૂરિએ ભીનમાલ, રામસીન, જીરાવલ એવં મુંડસ્થલા આદિ તીર્થોની યાત્રા કરી હતી.

આઠમી શતાબ્દિના પ્રારંભમાં યશોવર્મનના રાજ્યનો આ પ્રદેશ એક ભાગ રુપે હતો. ઇતિહાસ પ્રસિદ્ધ પ્રતિહાર રાજા વત્સરાજના સમયમાં આ પ્રદેશ તેના તાબે હતો.... તેની રાજધાની જાવાલિપુર (જાલોર) હતી. તેના મૃત્યુ પછી તેના પુત્ર નાગભટ્ટે વિ. સં. ૮૭૨ માં આ પ્રદેશ પર રાજ્ય કર્યું હતું. નાગભટ્ટે જીરાવલની પાસે નાગાણી નામના સ્થાન પર નાગજીનું મંદિર બંધાવેલ. જે આજે પણ ટેકરી પર મોજુદ છે. તે પોતાની રાજધાની જાલોરથી કનૌજ લઈ ગયા હતા.

મહાન જૈનાચાર્ય સિદ્ધર્ષિ અને તેમના ગુરુ દુર્ગ

સ્વામીએ વિ. સં. દશમી સદીમાં આ તીર્થની યાત્રા કરી હતી. દુર્ગસ્વામીનો સ્વર્ગવાસ ભિન્નમાલ (ભીનમાલ) નગરમાં થયો હતો. નાગભટ્ટના મરણ પછી તેના ઉત્તરાધિકારીઓમાં રામચંદ્ર, ભોજરાજ અને મહેન્દ્રપાલ મુખ્ય હતા. તેઓએ આ પ્રદેશ પર પોતાની આજ્ઞા ફેલાવી હતી.

પ્રતિહારોના પતન પછી આ પ્રદેશ પરમારોને આધીન હતો. પરમાર રાજા સિયક (હર્ષદેવ) નું શાસન અહીં હતું. તે સિદ્ધ થાય છે. અગીયારમી સદીના પ્રારંભમાં આ ક્ષેત્ર રાજા ધુંધકના આધીન હતું. ચાલુકય રાજા ભીમદેવે જ્યારે ધુંધકને અપદસ્થ કર્યો ત્યારે આ પ્રદેશ તેને આધિન કર્યો હતો. ભીમદેવના સિંહ સેનાપતિ વિમલ શાહે આ પ્રદેશ પર શાસન કર્યું હતું. તે વાત પણ સિદ્ધ થઈ છે. મંત્રીશ્વર વિમલશાહે વિમલસિંહના ભવ્ય મંદિરનું આબુ પર્વત પર નિર્માણ કર્યું હતું. તેઓએ કેટલાક જિનમંદિરોના જિર્ણોદ્ધાર કરાવેલ અને સંરક્ષણ માટે પણ દાન કરેલ. ઘણા સમય સુધી આ પ્રદેશ ગુજરાતના ચાલુકયોને તાબે હતો.

આ મંદિરનો બીજીવાર જિર્ણોદ્ધાર વિ. સં. ૧૦૩૩ તેતલી નગરના શ્રેષ્ઠી હરદાસે જૈનાચાર્ય સહજાનંદજીના ઉપદેશથી આ પુનીત કાર્યનો લાભ લીધો હતો. તેતલીનગર નિવાસી શેઠ હરદાસનો વંશ પોતાની દાનપ્રિયતા માટે ઘણો પ્રસિદ્ધ હતો. તેમની વંશ પરંપરાનો ઇતિહાસ આ પ્રમાણે મળે છે.

શ્રેષ્ઠી વર્ય જાંજણુ
ધર્મપત્ની સ્યાણી
શ્રેષ્ઠી વર્ય બાધા

ધર્માસી | મન્નાસી | ધીરાસાની

ધર્મપત્ની અજાદેવીથી

હરદાસ ઉત્પન્ન થયા હતા.

વિ. સં. ૧૧૫૦ થી આ પ્રદેશ સિદ્ધરાજ રાજ્યના એક ભાગરુપે હતો. વિ. સં. ૧૧૮૬માં ભીનભાલ અભિલેખમાં ચાલુક્ય સિદ્ધરાજના શાસનનો ઉલ્લેખ મલે છે. વિ. સં. ૧૧૬૧ના લગભગ જૈનાચાર્ય સમુદ્ર ઘોષ અને જિનવલ્લભસૂરિજીએ આ તીર્થની યાત્રા કરી હતી. લગભગ તે જ કાળમાં જૈન ધર્મના મહાન જૈનાચાર્ય હેમચંદ્રાચાર્યે આ તીર્થની યાત્રા કરી હતી. તેઓ કવિ શ્રીપાલ, જયમંગલ, વાગ્ભટ્ટ, વર્ધમાન અને સાગરચંદ્ર સમકાલીન હતા. હર્ષપુરીયગચ્છના જયસિંહસૂરિના શિષ્ય અભયદેવસૂરિએ આ તીર્થની યાત્રા કરી હતી. અભયદેવસૂરિજીને સિદ્ધરાજે મલ્લધારીનું પદ અર્પણ કર્યું હતું. આ આચાર્યશ્રીએ રણથંભોરના જૈન મંદિર પર સુવર્ણ કલશની સ્થાપના કરી હતી.

ખરતરગચ્છના મહાન જૈનાચાર્ય દાદા જિનદત્ત-

સૂરિજીએ પણ આ તીર્થની યાત્રા કરી હતી. તેમની પાટ પરંપરામાં થયેલા જિનચંદ્રસૂરિજીનું નામ મંદિરની એક દેરી પરના લેખ ઉપર મલે છે. સંવત ૧૧૭૫ પછી અહીં ભયંકર દુકાળ પડયો હતો. એથી આ નગરી ઉજ્જડ થઇ ગઈ અને ઘણા જ લોકો ગુજરાત જઇને વસ્યા....

સિદ્ધરાજના પછીથી આ પ્રદેશ કુમારપાલ મહારાજના શાસન નીચે આવ્યો હતો. કુમારપાલે જૈન ધર્મનો સ્વિકાર કર્યો હતો. જૈનાચાર્યો અને ગુરુવરોને સંરક્ષણ આપ્યું હતું. તેમણે કેટલાય જૈનમંદિરો બંધાવ્યાનો ઉલ્લેખ થયેલ છે.–મલે છે. કીરાડૂના સંવત ૧૨૦૫ અને ૧૨૦૮ ના કુમારપાલના અભિલેખથી તેમના રાજ્યનો વિસ્તાર અહીં સુધી હતો એમ સિદ્ધ થાય છે. જાલોરથી મળેલા સં. ૧૨૨૧ ના કુમારપાલના શિલાલેખથી પણ આ વાતની પુષ્ટિ થાય છે.

કુમારપાલના પછીથી અજયપાલના રાજ્ય નીચે આ પ્રદેશ આવ્યો હતો. ગુજરાતના શાસક અજયપાલ અને મુલરાજના સમયમાં અહીંયા પરમાર વંશીય રાજા ધારા વર્ષનું શાસન ચાલતું હતું. મહમ્મદગોરીની સેનાની વિરુદ્ધ થયેલા યુદ્ધમાં તેણે ભાગ લીધો હતો. વિ. સં. ૧૩ મી શતાબ્દી સુધી અહીંયા પરમારોનું શાસન હતું. સં. ૧૩૦૦ લગભગ ઉદયસિંહ ચૌહાણનું અહીંયા શાસન પ્રવર્તતું હતું. ભીનમાલમાં સં. ૧૩૦૬ના શિલાલેખ મલ્યા છે. જે તેમના શાસનના પ્રમાણની સાબીતી આપે છે. તે

સમયે તેની રાજધાની જાલોર હતી. ઉદયસિંહના પછીથી તેના પુત્ર ચાચિંગદેવનું રાજ્ય અહીંયા હતું. વિ. સં ૧૩૧૩ ના ચાચિંગદેવનો એક શિલાલેખ સુધા પર્વત પર મલ્યો છે. ચાચિંગદેવના પછીથી દશરથ દેવડાનું અહીં શાસન હતું. સં. ૧૩૩૭ ના દેલવાડાના અભિલેખમાં તેને મરુદેશનો અધીશ્વર બતાવ્યો છે.

વિ. સં. ૧૩૪૦ ના લગભગ આ પ્રદેશ બીજડદેવડાને આધીન હતો. બીજડના પછી લાવણ્યકર્ણ (લુણકર્ણ) લુંભાને તાબે રહ્યો. લુંભા ઘણો જ ધર્મ સહિષ્ણુ હતો. પરમારોના શાસનકાલમાં આબુના જૈન મંદિરોની યાત્રાર્થે આવનારા યાત્રિકો પાસેથી ટેક્સ લેવાતો હતો. લુંભાએ ટેક્સ માફ કરી દીધો હતો. તેણે આસપાસના ઇલોકોમાં ઘણા જૈન મંદિરોના નિર્માણમાં ઘણો પૈસો આપ્યો હતો. કલ્પી શકાય છે કે, જીરાવલ તીર્થમાં પણ તેમનો સહયોગ સુંદર મલ્યો હોય...

અલાઉદ્દીનની સેનાઓએ જ્યારે જાલોર આદિ સ્થાનો પર હુમલો કર્યો તે સમયે આ મંદિર પર પણ આક્રમણ કરેલ. મંદિરની બાજુમાં જ અંબાદેવીનું એક વૈષ્ણવ મંદિર હતું. હુમલાખોરોએ પહેલાં તે મંદિરની ધનસંપત્તિ લુંટી લઇને, મંદિરનો નાશ કરી દીધો. તે મંદિર દ્વારા ઘણી ગાયોનું પાલન પોષણ થતું હતું. હિન્દુઓની ધાર્મિક ભાવનાઓને ઠેસ લગાડવા માટે તે અત્યાચારીઓએ નિર્દોષ સર્વ ગાયોને પણ મારી નાંખી હતી. ત્યાંથી તેઓ શ્રી

જીરાવલા પાર્શ્વનાથ મંદિરની તરફ આવ્યા. મંદિરમાં જઈને તેઓએ ગાયના માંસ અને લોહી છાંટીને મંદિરને અપવિત્ર બનાવવા મહેનત લીધી હતી. એમ માનવામાં આવે છે કે, મંદિરમાં લોહી છાંટનાર વ્યક્તિ બહાર આવી કે તરત જ તેના પ્રાણ ઉડી ગયા. મરણને શરણ થઈ ગઈ. બહાર જ ઘણા મોટા સર્પે તેના પર ડંખ દીધો અને ત્યાં જ તેનો આત્મા દેહ મૂકીને પરલોકની વાટે સંચરી ગયો. અલાઉદ્દીન ખિલજીના આક્રમણમાં ઘા-ને પાછા કરવામાં લુંભાએ ઘણી સહાયતા આપી હતી અને જૈન ધર્મનું ગૌરવ વધાર્યું હતું.

લુંભાજીનો ઉત્તરાધિકારી તેજસિંહ હતો. તેણે પોતાના પિતાની નીતિ અપનાવીને જૈન ધર્મના સંરક્ષણ માટે સારો સહયોગ આપ્યો હતો. તેજસિંહના પછી કાન્હડદેવ અને સામંતસિંહને તાબે આ પ્રદેશ રહ્યો હતો.

પંડિતવર્ય શ્રી સોમધરવિરચિત ઉપદેશ સપ્તતિના જીરાપલ્લી ઇતિહાસમાં જીરાવલ તીર્થ સંબંધી કથા આ પ્રમાણે આપવામાં આવી છે.

સંવત ૧૧૦૯ માં બ્રહ્માણ (હમણાં વરમાણ) સ્થાનમાં ધાંધલ નામે એક શેઠ રહેતા હતા. તેજ ગામમાં એક ઘરડી સ્ત્રીની ગાય હંમેશા સેહીલી નદીની પાસે * દેવીત્રી ગુફામાં દૂધ ઝરવાને આવતી હતી. સાંજના ઘેર આવે

* વરમાણ તથા જીરાવલના વચ્ચે બુડેશ્વર મહાદેવના મંદિરની પાસે આ ગુફા છે.

ત્યારે ગાય દૂધ ન આપે. તપાસ કરતાં તે સ્ત્રીને તે સ્થાનનો પત્તો લાગ્યો. તેણીએ વિચાર્યું કે આ સ્થાન ઘણું ચમત્કારી લાગે છે.

આ સ્થાન ધાંધલને બતાવ્યું. ધાંધલે મનમાં વિચાર્યું કે, રાતના પવિત્ર થઈને તે સ્થાન પર જઈશ. તે રાતના ત્યાં ગયો અને નવકારમંત્રનું સ્મરણ કરીને સૂઈ ગયો. તેજ રાત્રે તેણે સ્વપ્નમાં એક ખુબસુરત પુરુષને આ પ્રમાણે કહેતા સાંભળ્યું કે, જ્યાં ગાય દૂધ ઝરાવે છે ત્યાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ છે. તે વ્યક્તિ તે પ્રભુના અધિષ્ઠાયક દેવ હતા. સવારે ધાંધલજી બધાય લોકોની સાથે તે સ્થાન પર ગયા. તે સમયે જીરાપલ્લી નગરના લોક પણ ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા કે અરે ! તમે આ જગ્યાએ કયાંથી આવ્યા ? અમારા સીમાડાની મૂર્તિ તમે કેવી રીતે લઈ શકો છો ? આ મુજબ વિવાદ થતાં ત્યાં ઉભેલા વૃદ્ધ પુરુષોએ કહ્યું કે, ભાઈ બળદગાડીમાં એક તમારો અને એક અમારો બળદ જોડી દો. ગાડું જયાં જાય ત્યાં મૂર્તિ બીરાજમાન કરવી. આમ કરતાં આ બિંબ જીરાપલ્લી નગરમાં આવ્યું. બધા મહાજનોએ ત્યાં પ્રવેશોત્સવ કર્યો. પહેલાની પ્રતિમા વીર પ્રભુ મંદિરમાં મૂળનાયક હતા તે દૂર કરીને શ્રી સંઘની અનુમતિપૂર્વક તે બિંબને આ જ મંદિરમાં સ્થાપન કર્યું. પછીથી ત્યાં અનેક સંઘ આવવા લાગ્યા. તેમના મનોરથ તે અધિષ્ઠાયક દેવ પૂર્ણ કરવા લાગ્યા. આવી રીતે આ તીર્થ ઉભું થયું છે.

એક માન્યતા એવી પણ છે કે યવનસેના દ્વારા મૂર્તિ ખંડિત થઈ જતાં અધિષ્ઠાયક દેવની આજ્ઞાથી બીજી મૂર્તિની પ્રતિષ્ઠા કરેલ. પહેલી મૂર્તિ નવિન મૂર્તિના દક્ષિણ ભાગમાં સ્થાપવામાં આવી. આ મૂર્તિની સર્વ પ્રથમ પૂજા થાય છે અને આ પ્રતિમા શ્રી દાદા પાર્શ્વનાથના નામથી પ્રસિદ્ધ થઈ છે.

ધાંધલજી દ્વારા બનાવાયેલ નૂતન પાર્શ્વનાથ મંદિરની પ્રતિષ્ઠા વિ. સં. ૧૧૯૧ માં આચાર્ય શ્રી અજિતદેવ સૂરિએ કરી હતી. વીર વંશાવલીમાં આ વિષયનો ઉલ્લેખ આ પ્રમાણે છે. :—

" તિવારઇ ધાંધલઇ પ્રાસાદ નિપજાવી મહોત્સવ વિ. સં. ૧૧૯૧ વર્ષે શ્રી પાર્શ્વનાથ પ્રાસાદે સ્થાપ્યા, શ્રી અજિતદેવસૂરિ પ્રતિષ્ઠયા "

આ પ્રમાણે ત્રીજીવાર આ મંદિરની પ્રતિષ્ઠા થઈ, પહેલી (વિ. સં. ૩૩૧) અમરાસાના સમયમાં આચાર્ય દેવસૂરિજીએ કરી હતી. બીજીવાર યક્ષદત્ત ગણિવરના શિષ્ય વટેશ્વરસૂરિજીએ આકાશવપ્ર નગરના નામથી મંદિરની સ્થાપના કરેલ. ત્રીજીવાર ધાંધલજી શ્રેષ્ઠીના સમયમાં મંદિરનું નિર્માણ થયું.

કેટલાક ઇતિહાસકારો વટેશ્વરસૂરિજી દ્વારા પ્રતિષ્ઠિત આકાશવપ્રનગરના મંદિરની વાત વિવાદાસ્પદ હોવાથી સ્વીકાર કરતા નથી.

પહેલી પ્રતિષ્ઠા આચાર્ય દેવસૂરિજીએ, બીજી આચાર્ય હરિભદ્રસૂરિજીએ અને ત્રીજી આચાર્ય અજીતદેવસૂરિજીએ પ્રતિષ્ઠા કરી હતી.

શ્રેષ્ઠી ધાંધલજી દ્વારા નિર્મિત મંદિર તથા મૂર્તિને નુકશાન અલાઉદ્દીન ખીલજી દ્વારા થયેલ તે વાતની પુષ્ટિ જીરાપલ્લી મંડન શ્રી પાર્શ્વનાથવિનતી નામના એક પ્રાચીન સ્તોત્રમાં એ મુજબ કરી છે :—

" તેરસઈ અડસટ્ટાઈ (૧૩૬૮) વરિંસિહિં, અસુરહદલુ જીતઉજિણિહરિસિંહં ભસમગ્રહ વિકરાલે " (ગાથા–૯)

કાન્હડદેવ પ્રબંધના અનુસાર તથા અન્ય ઐતિહાસિક સચ્ચાઈના આધાર પર આ માલુમ પડે છે કે સં ૧૩૬૭ માં અલાઉદ્દીન ખિલજીએ સાચોરના મહાવીર મંદિરનો નાશ કર્યો અને તેજ સમયમાં તેણે જીરાવલાના મંદિરને પણ નુકશાન પહોંચાડયું હતું....

ઉપદેશ તરંગિણીના પેજ ૧૮ અનુસાર સંઘવી પેથડસાએ સં. ૧૩૨૧ માં એક મંદિર બનાવવાની વાત લખી છે. પરંતુ ઘણું કરીને આક્રમણકારોએ નાશ કરી દીધું હશે.

મહેશ્વર કવિ લિખિત "કાવ્ય મનોહરનામના ગ્રંથના સાતમા સર્ગમાં ૩૨ મા શ્લોકમાં લખેલું છે કે, માંડવગઢના બાદશાહ આલમશાહના દરબારી શ્રીમાલવંશીય સોનગરા ઝાંઝણજી શેઠે છ પુત્રની સાથે સંઘવી આલ્હાજે આ તીર્થમાં ઉંચા તોરણો સહિત એક સુંદર મંડપ બનાવેલ.

"જીરાપલ્લી મહાતીર્થે, મંડપં તુ ચક્રાર સઃ"
"ઉત્તોરણં મહાસ્તંભં, વિતાનાંશુક ભૂષણમ્"

વર્તમાન મંદિરની પાછળની ટેકરી પર એક પ્રાચીન કિલ્લાના અવશેષ દેખાય છે. જે ઘણું કરીને કાન્હડદેવ ચૌહાનના સામંતોના હશે. સન ૧૩૧૪ માં કાન્હડદેવ ચૌહાનના મરણ પછી મંડારથી લઈને જાલોર સુધીનો ઈલાકો અલાઉદ્દીન ખિલજીના આધીન હતો, આ મંદિર પર અને જીરાપલ્લી નગર પર ન જાણે કેટલાય આક્રમણો થયા હશે તેની સાક્ષી તો જયરાજ પર્વત અને ભગવાન પાર્શ્વનાથ છે.

સન્ ૧૩૨૦ પછી સિરોહીના મહારાવ લુંભાનો આ ઈલાકા પર અધિકાર થઈ ગયો હતો. પરંતુ અજમેરથી અમદાવાદ જવાનો રસ્તો હોવાના કારણથી સમય સમય પર મંદિર અને નગરી પર વિપત્તિની વર્ષા વરસી રહી હતી. અહીંના શ્રેષ્ઠીવર્યો નગરીને છોડીને ચાલ્યા ગયા. એ પ્રમાણે ચૌહાનોએ પણ આ સ્થાન સુરક્ષિત ન દેખાતાં છોડી દીધું હતું.

વિ. સં. ૧૮૫૧ માં શિલાલેખ અનુસાર આ મંદિરના મૂળનાયક તરીકે શ્રી પાર્શ્વનાથ ભગવાન હતા. પરંતુ કોઈ કારણવશ ભગવાન શ્રી નેમનાથ સ્વામીને મૂળ-નાયકના રૂપમાં પ્રતિષ્ઠિત કર્યા હતા. આ ઘટનાનો ઉલ્લેખ કોઈ પણ શિલાલેખમાં જણાયો નથી. મંદિરની ડાબી બાજુની એક ઓરડીમાં હમણાં પણ શ્રી પાર્શ્વનાથની બે મૂર્તિઓ બીરાજમાન છે. અને બીજી ઓરડીમાં શ્રી નેમનાથ ભગવાન.

આ પ્રમાણે માનવામાં આવે છે કે મહાન ચમત્કારી પાર્શ્વનાથ ભગવાનની કિંમતી પ્રતિમા કોઇ આક્રમણકારો તરફથી ખંડિત ન થઈ જાય તેવા ભયથી શ્રી પાર્શ્વનાથ સ્વામીની મૂર્તિને ગુપ્ત ભંડારમાં બીરાજમાન કરવામાં આવી હતી. અને તે સમયની અંતિમ વ્યવસ્થાના માટે જ્યોતિષના ફલાદેશ અનુસાર શ્રી નેમનાથ ભગવાનની મૂર્તિને પ્રતિષ્ઠિત કરવામાં આવી હોય.

સમય સમય પર જિર્ણોદ્ધારના કારણે તથા ઐતિહાસિક શોધ–ખોળની દૃષ્ટિ ન હોવાથી મંદિરની મરામત કરવાવાલા કારીગરોની છીની અને હથોડાથી મંદિરના પાટો અને દિવાલો પરના શિલાલેખ બહુરત્ના વસુંધરાની ગહન ખાઈમાં સમાઈ ગયા અને નાશ થઈ ગયા.

ઘણું કરીને તેઓ કોઈ સુંદર સમયની રાહ જોતા હશે કે, કોઈ મહાન્ આચાર્યશ્રીના આશીર્વાદથી અમે પ્રગટ થઈશું. ત્યારે આ મંદિરની ન કલ્પી શકાય તેવી કહાની પ્રગટ થશે.

પ્રાચીન ઉલ્લેખોના આધારથી માલુમ પડે છે કે, આ મંદિરની ભીંતો પર દુર્લભ ચિત્રો હતા. પરંતુ સમય સમય પર નવા નવા રંગ–રોગાન થતાં તે કારણથી, કોઈ કોઈ સ્થળે સંગેમરમરના પત્થર ચોટાડવાથી તથા કોઈ સ્થળો ઘસાવાના કારણથી અને કેટલીક જગ્યાએ સફેદો લગાડવાના કારણથી આ અતિહાસિકતાનો સર્વ નાશ થઈ ગયો છે.

## યાત્રા સંઘોને સ્મૃતિપથમાં લાવીએ...

વાચકગણ 'પ્રથમ પ્રકરણમાં તમોએ તીર્થાધિપતિ પાર્શ્વનાથ પ્રભુના મંદિરના દુર્લભ દર્શન કર્યા. ત્યારપછી બીજા પ્રકરણમાં તેની પૂર્વ જાહોજલાલી-ઐતિહાસિકતા નિહાળી. હવે ત્રીજા પ્રકરણમાં આ તીર્થની પાવન યાત્રાએ કઈ સાલમાં ? કયા આચાર્ય ભગવંતો યાત્રા સંઘો લઇને આવ્યા તેની માહિતીને જાણવા તમારા કર્ણયુગલ આતુર થયા જ હશે.' ચાલો ત્યારે તે સંઘોને સ્મૃતિપથ પર લાવીયે.

જૈન જગતમાં સામુહિક તીર્થ દર્શનનું મોટું મહત્વ માનવામાં આવ્યું છે. સામુહિક તીર્થયાત્રાના આયોજન કરાવવાવાલા મહાનુભાવોને આપણે 'સંઘપતિ'ના માનનીય બિરુદથી આવકારીએ છીએ, તેમનું ગૌરવ કરીએ છીએ.

આ સંઘોની સાથે મોટા મોટા આચાર્યદેવો શિષ્ય સમુદાયની સાથે વિહાર કરતા હતા. જૈન સાધુઓ તો ચાતુર્માસ સિવાય આઠ માસ વિહાર કરતા જ હોય છે. આ વિહારોમાં જ્યાં જ્યાં તીર્થો આવે ત્યાં દર્શન કરી પાવન બને જ છે.

જીરાવલા તીર્થના દર્શનાર્થે આવેલા સંઘોની અને આચાર્યપ્રવરોની સંક્ષિપ્ત સૂચિ આપવામાં આવે છે. આ

તીર્થની યાત્રાએ પધારેલા ઘણા જ થોડા સંઘો અને આચાર્ય ભગવંતો અમારા જાણવામાં આવ્યા છે.

વીર સં. ૩૩૦ ની આસપાસ જૈનાચાર્ય દેવસૂરિજી મહારાજ પોતાના એકસો શિષ્યોની સાથે અહીં વિહાર કરતા પધાર્યા હતા. તેઓશ્રીએ અમરાસા દ્વારા બનાવેલ આ મંદિરની વિ. સં. ૩૩૧ વૈશાખ સુદ ૧૦ ના શુભમુહૂર્તે પ્રતિષ્ઠા કરાવી હતી. વિક્રમની ચોથી શતાબ્દીમાં (વિ. સં. ૩૯૫ (લગભગ) જૈનાચાર્ય શ્રી મેરુસૂરીશ્વરજી મહારાજ એક વિશાલ સંઘ લઈને આ તીર્થમાં પધાર્યા હતા.

સંવત ૮૩૪ ની આસપાસ જૈનાચાર્યશ્રી ઉદ્યોતન-સૂરિજીએ ૧૭ હજાર માણસોના સંઘની સાથે આ તીર્થની યાત્રા કરી હતી. સંઘપતિ તરીકે બડલીનગર નિવાસી લખમણસા હતા. આચાર્ય ઉદ્યોતનસૂરિ જેના ગુરુદેવ આચાર્ય તત્ત્વસૂરિ હતા. જેઓએ વિ. સં. ૮૩૫ માં જાલોરમાં કુવલયમાલા નામની એક પ્રાકૃત કથાની રચના કરી હતી.

વિક્રમ સંવત ૧૦૩૩ માં તેતલીનગર નિવાસી શેઠ હરદાસજીએ મોટો સંઘ કાઢયો હતો જેમાં આચાર્ય શ્રી સહજાનંદસૂરિજી મ. પધાર્યા હતા.

વિક્રમ સંવત ૧૧૮૮ માં જૈનાચાર્ય શ્રીમદ્દેવસૂરિની નિશ્રામાં જાલ્હા નામના શેઠે મોટા સંઘ સાથે આ તીર્થની યાત્રા કરી હતી.

પોરવાડવંશીય ભીલા શ્રેષ્ઠીએ રાહેડનગરથી એક મોટો સંઘ વિ. સં. ૧૩૯૩ માં કાઢેલ તેમાં જૈનાચાર્યશ્રી કક્કસૂરિજી સપરિવાર પધાર્યા હતા. આ કક્કસૂરિજીએ વિ. સં. ૧૩૭૮ માં આબુના વિમલવસહી મંદિરમાં આદિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી હતી. તેમજ તેઓએ બાલોતરા, ખંભાત, પેથાપુર, પાટણ તથા પાલણપુરના જૈન મંદિરોની પણ પ્રતિષ્ઠા કરેલ.

ચિત્રવાલ ગચ્છીય જૈનાચાર્યશ્રી શ્રામદેવસૂરિજી વિ. સં. ૧૩૦૩ માં સંઘવી આમ્રપાલ શેઠના સંઘમાં જીરાવલતીર્થે પધાર્યા હતા.

વિ. સં. ૧૩૧૮ માં શ્રી ખીમાસા સંચેતીએ જૈનાચાર્યશ્રી વિજયહર્ષસૂરિજીની નિશ્રામાં એક સંઘ યાત્રાનું આયોજન કર્યું હતું.

વિ. સં. ૧૩૪૦ માં માલવમંત્રીશ્વર પેથડશાહના પુત્ર ઝાંઝણશાહે મહા સુદ પાંચમના તીર્થયાત્રાનો સંઘ કાઢયો હતો. આ સંઘ જીરાવલ આવ્યો હતો. અહીંયા સંઘવીજીએ એક લાખ રૂપીયાના મુલ્યવાલા મોતી તેમજ સોનાના તારથી યુક્ત ચંદરવો બાંધ્યો હતો. પં. રત્નમંડનગણિવરજીએ પોતાના સુકૃતસાગર પુસ્તકમાં આ વિષયનું વર્ણન સુંદર રીતે કર્યું છે.

વિ. સં. ૧૪૬૮ ના સંઘપતિ પાતાસાએ ખરતરગચ્છાચાર્ય શ્રી જિનપદ્મસૂરિજી મહારાજની નિશ્રામાં એક તીર્થયાત્રાનું આયોજન કરેલ.

માંડવગઢ નિવાસી ઝાંઝણશાહના પુત્ર સંઘવી આહડે જોરાવલ અને આબુજીનો સંઘ કાઢચો હતો. તેમના ભાઈથી આલ્હાએ જીરાવલમાં એક ચંદરવાવાલો મહામંડપ તૈયાર કરાવ્યો હતો.

જીરાપલ્લી મહાતીર્થે, મંડપં ત્તુ ચકાર સઃ ।
ઉત્તોરણં મહાસ્તંભં, વિતાનાંશુકભૂષિતમ્ ॥

—કાવ્ય મનોહર સર્ગ-૭

ખંભાત નિવાસી આલ્હાક શ્રાવકના પુત્ર રામ અને પર્વતે વિ. સં. ૧૪૬૮ માં જીરાપલ્લી પાર્શ્વનાથ તીર્થમાં યાત્રા કરીને ઘણું જ દ્રવ્ય ખર્ચ્યું હતું.

વિ. સં. ૧૪૭૫ માં તપાગચ્છીય જૈનાચાર્યશ્રી હેમંતસૂરિજી મહારાજની સાથે સંઘપતિ મનોરથે એક વિશાલ તીર્થયાત્રાનું આયોજન કર્યું હતું.

વિ. સં. ૧૪૮૩ માં વૈશાખ સુદ ૧૩ ગુરુવારના દિવસે 'અંચલગચ્છના આચાર્ય મેરતુંગસૂરિજીના પટ્ટધર આચાર્ય જયકીર્તિસૂરિજીના ઉપદેશથી પાટણ નિવાસી ઓસવાલજાતિય મીઠડિયા ગોત્રીય લોકોએ આ તીર્થમાં પાંચ દેરીઓનું નિર્માણ કર્યું હતું.
( પૂર્ણચંદ્ર નાહર, જૈન લેખ સંગ્રહ ખંડ-૧ લેખ ૯૭૩ )

વિ સં. ૧૪૮૩ માં ભાદરવા વદ ૭ ગુરૂવારના દિવસે તપાગચ્છીય આચાર્ય ભુવનસુંદરજી મહારાજના આચાર્યપણાના સમયમાં સંઘનું આયોજન કરવાવાલા કલ્ચર નગર નિવાસી ઓસવાલ કોઠારી મહાનુભાવોએ

આ તીર્થમાં ત્રણ દેરીઓ બંધાવી હતી.

(પૂર્ણચંદ નાહર જૈન લેખ સંગ્રહ ખંડ–૧ લેખ ૯૭૪ ૯૭૬)

મેવાડના રાણા મોકલના મંત્રી રામદેવની સ્ત્રી મેલાદેવીએ ચતુર્વિધ સંઘની સાથે શત્રુંજય, જીરાપલ્લી અને ફલોધિતીર્થની યાત્રા કરી હતી.

(સંદેહ દોલાવલીવૃત્તિ સં. ૧૪૮૬)

ખંભાતના શ્રીમાલવવંશીય સંઘવી વરસિંહના પુત્ર ધનરાજે વિ. સં. ૧૪૮૬ માં ચૈત્ર વદ ૧૦ શનીવારના દિવસે આચાર્ય વિજયચંદ્રસૂરિની સાથે, સંઘ સાથે આ તીર્થની યાત્રા કરેલ.

રસ–વસુ પૂર્વમિતાબ્દે "શ્રી જીરાપલ્લીનાથ મર્બુદ તીર્થં તથા નમસ્કુરુતે"

( અર્બુદ–પ્રાચીન જૈન લેખ સંદોહ લે. ૩૦૩ )

વિ. સં. ૧૪૯૧ માં ખરતરગચ્છીય ઉપાધ્યાય શ્રી ભવ્યરાજ ગણિની નિશ્રામાં શ્રી અજવાસા શેઠે વિશાલજનસમુદાયની સાથે સંઘયાત્રાનું આયોજન કર્યું હતું.

વિક્રમની ૧૫ મી શતાબ્દીમાં સંઘવી કોચરે આ તીર્થની યાત્રા કરી હતી. એમના વંશજોનો વિ. સં. ૧૫૮૩ નો શિલાલેખ જેસલમેરના મંદિરમાં વિદ્યમાન છે,

વિ. સં. ૧૫૦૧ માં ચિત્રવાલગચ્છીય જૈનાચાર્યની સાથે પ્રાગ્વાટ શ્રેષ્ઠીવર્ય પુનાસાએ ત્રણ હજાર માણસોના સંઘની માથે જીરાવલતીર્થની યાત્રા કરી હતી.

ખરતરગચ્છનાયક શ્રી જિનકુશલસૂરિના પ્રશિષ્ય ક્ષેમકીર્તિ વાચનાચાર્યે વિક્રમની ૧૪ મી શતાબ્દીમાં જીરાપલ્લી પાર્શ્વનાથની આરાધના કરી હતી....

સંવત ૧૫૨૫માં અમદાવાદના સંઘવી–ગદરાજ ડુંગરશાહે તથા સંઘે શ્રી જીરાપલ્લી પાર્શ્વનાથની સામુદાયિક યાત્રા કરી હતી. આ યાત્રામાં સાતસો બળદગાડી હતી, વાજિંત્રોના મધુરનાદ સાથે આબુ થઇને જીરાવલ તીર્થે આવ્યા હતા. તેમનું સ્વાગત સિરોહીના મહારાવ લાખાજીએ ભવ્યસાજ સાથે કર્યું હતું, એમાંથી શ્રી ગદાશાહે ૧૨૦ મણ પિત્તલના ઋષભદેવ ભગવાનની મૂર્તિ, આબુના ભીમવિહાર મંદિરમાં પ્રતિષ્ઠિત કરાવેલ.

( ગુરુગુણ રત્નાકર કાવ્ય સર્ગ–૩ )

વિ. સં. ૧૫૩૬ માં તપાગચ્છીય લક્ષ્મીસાગરસૂરિજીની નિશ્રામાં શ્રેષ્ઠીવર્ય શ્રી કરમાસાએ આ પવિત્ર તીર્થની યાત્રા કરી હતી. આચાર્યશ્રીએ જીરાવલા પાર્શ્વનાથ સ્તોત્રની પણ રચના કરી છે....

નંદુરબાર નિવાસી પોરવાલ ભીમાશાહના પુત્ર ડુંગરશાહે શત્રુંજય, રૈવતાચલ, અર્બુદગીરિ અને જીરાપલ્લી તીર્થની યાત્રા કરી હતી.

મીરપુર મંદિરના લેખોના પ્રમાણે સં. ૧૫૫૯ માં ખંભાત નિવાસી વીશા ઓસવાલ શ્રાવિકા શિવાબ્હેને પોતાના ધણીના શ્રેયાર્થે જીરાવલીતીર્થમાં બે ગોખલા બનાવેલ. આ બહેન આ તીર્થની યાત્રાર્થે આવ્યા હતા.

વિ. સં. ૧૪૫૬ માં જ પોરવાલ સંઘવી રત્નપાલની ધર્મપત્ની કર્માબહેને આ તીર્થની યાત્રા કરીને, આચાર્ય શ્રી ઉદયસાગરસૂરિના ઉપદેશથી આ તીર્થમાં એક દેરી બનાવી હતી.

(યતીન્દ્ર વિહારદિગ્દર્શન ભા. ૧ પેજ ૧૨૦–૧૨૩)

વિ. સં. ૧૫૫૯ માં પાટણના પર્વતશાહ અને ડુંગરશાહ નામના ભાઈઓએ શ્રી જીરાવલ અને આબુજીનો સંઘ કાઢયો હતો. વિક્રમની સોળમી શતાબ્દીના પૂર્વાર્ધમાં આચાર્ય શ્રી સુમતિસુંદરસૂરિના ઉપદેશથી ભાગ્યશાળી શ્રી વેલાજીએ માંડવગઢથી એક સંઘ કાઢ્યો હતો. તે સંઘ જીરાવલ તીર્થે આવ્યો હતો...

(સોમચરિત્રગણિ–ગુરુગુણરત્નાકર કાવ્ય)

સારંગપુરના નિવાસી જયસિંહ શાહે તથા આગરાના સંઘવી રત્નાશાહે ૮૮ સંઘોની સાથે આબુ અને જીરાવલ તીર્થની યાત્રા કરી હતી.

(સોમચરિત્રગણિ–ગુરૂગુણરત્નાકર કાવ્ય.)

વિ. સં. ૧૭૪૬ માં શીલવિજયજી કૃત તીર્થમાલામાં ઓસવાલ સુરા તથા રત્ના બે ભાઈઓએ વ્યય કરેલ તેનો ઉલ્લેખ આવે છે. તેમના વંશજ ધનજી, પનજી તથા મનજીએ ત્રણ લાખ રૂપીયાનો વ્યય કરીને એક સંઘ કાઢ્યો હતો જે જીરાવલ તીર્થે આવ્યો હતો.

સં. ૧૭૫૦ માં શ્રી સૌભાગ્યવિજય વિરચિત તીર્થમાલામાં જીરાવલનો ઉલ્લેખ છે.

સં. ૧૭૫૫ માં જ્ઞાનવિમલસૂરિ મહારાજે રચેલ તીર્થમાલામાં સૂરિપૂરથી શ્રાવક સામાજીએ કાઢેલ સંઘનું વર્ણન છે.

વિ. સં. ૧૮૯૧ માં અષાઢ સુદ ૫ ના દિવસે આચાર્ય શ્રી જિનમહેન્દ્રસૂરિના ઉપદેશથી જેસલમેરના શ્રેષ્ઠીવર્યથી ગુમાનચંદ્રજી બાફનાના પાંચ પુત્રોએ ત્રેવીસ લાખ રૂપીયાનો ખર્ચ કરીને શ્રી સિદ્ધાચલજીનો સંઘ કાઢયો હતો. આ સંઘે શ્રી બ્રાહ્મણવાડા, આબુ, જીરાવલા, તારંગા, શંખેશ્વર, પંચાસર તથા ગિરનારતીર્થની યાત્રા કરી હતી. આ સંબંધનો વિ. સં. ૧૮૯૬ નો લેખ—જેસલમેરની પાસે અમરસાગર મંદિરમાં મોજુદ છે.

આ સિવાય ૧૯ મી અને ૨૦ મી શતાબ્દીમાં નિરંતર કેટલાય સંઘ નીકળ્યા હતા. જેની યાદી આપવી અહીં અસંભવ છે. ૨૦ મી શતાબ્દીમાં તો જવા આવવાની સુંદર વ્યવસ્થા હોવાથી દરેક વર્ષે લગભગ પચાસ સંઘ આ તીર્થની યાત્રાર્થે આવતા હતા. જેનો ઉલ્લેખ આપવા જઈએ તો દલદાર પુસ્તક થાય તેથી આટલાથી જ સંતોષ માન્યો છે....

## કયા-કયા આચાર્ય પુંગવોએ આ તીર્થ પર ચાતુર્માસ કરેલ તેની નોંધપોથી :—

આ તીર્થ પર મોટા-મોટા આચાર્ય મહારાજોએ સપરિવાર ચાતુર્માસ કરીને તીર્થની પ્રભાવનામાં મહત્વ-ઉન્નતિ કરી હતી...

અંચલગચ્છીય આચાર્યશ્રી મેરૂતુંગસૂરિજી મહારાજે પોતાના ૧૫૨ શિષ્યોની સાથે અહીં ચાતુર્માસ કર્યું હતું.

આગમગચ્છીય શ્રી હેમરત્નસૂરિજીએ પોતાના ૭૫ શિષ્યોની સાથે આ તીર્થની પાવનભૂમિ પર ચાતુર્માસ માટે સ્થિરતા કરી હતી....

આ જ ગચ્છના આચાર્ય શ્રી દેવરત્નસૂરિજીએ પોતાના ૪૮ શિષ્યો સાથે આ તીર્થ પર ચાતુર્માસ કરીને સુંદર શાસન પ્રભાવના પ્રસારી હતી.

ઉપકેશગચ્છીય શ્રી દેવગુપ્તસૂરિજી મહારાજે પોતાના ૧૧૩ શિષ્યો સાથે તથા કક્કસૂરિજીએ પોતાના ૭૧ શિષ્યો સાથે, તથા વાચનાચાર્યશ્રી કપૂરપ્રિયંગણિએ પોતાના ૨૮ શિષ્યોની સાથે અહીં જુદા જુદા સમયે ચાતુ-ર્માસ કર્યા હતા.

ખરતરગચ્છના શ્રી જિનતિલકસૂરિજી મહારાજે પોતાના ૫૨ શિષ્યોની સાથે અને કીર્તિરત્નસૂરિજીએ પોતાના ૩૧ શિષ્યોના પરિવાર સાથે જુદા જુદા સમયે ચાતુર્માસ કરેલ.

તપાગચ્છીય શ્રી જયતિલકસૂરિજી મહારાજે પોતાના ૬૮ શિષ્યોની સાથે અહીં ચાતુર્માસ કરેલ.

પૂ. મુનિસુંદરસૂરિજી મહારાજે પોતાના ૪૧ શિષ્યોની સાથે અહીં ચાતુર્માસ કર્યું હતું. આ મુનિસુંદરસૂરિજીના ઉપદેશથી સિરોહીના રાવ સહસમલે શિકાર નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેના સંપૂર્ણ ક્ષેત્રમાં અમારિની ઉદ્‌ઘોષણા કરાવેલ. તેઓએ 'સંતિકરં સ્તોત્ર'ની રચના કરી હતી.

જીરાપલ્લીગચ્છીય ઉપાધ્યાયથી શ્રી સોમચંદ્રજી ગણિવરે પોતાના ૫૦ શિષ્યોની સાથે, નાગેન્દ્રગચ્છીય શ્રી રત્નપ્રભસૂરિજી મહારાજે પોતાના ૬૫ શિષ્યોની સાથે, પીપ્પલીગચ્છીય વાદીશ્રી દેવચંદ્રસૂરિજી મહારાજે પોતાના ૬૧ શિષ્યોની સાથે અહીં ચાતુર્માસ કર્યું હતું. આચાર્ય દેવચંદ્રસૂરિજી પ્રભાવક આચાર્ય શાન્તિસૂરીશ્વરજીના પટ્ટધર શિષ્ય હતા

આ સિવાય ઘણા જ સમર્થ જૈનાચાર્યોએ વિહાર કરતાં અહીં સ્થિરતા કરી હતી. ઘણાય આચાર્યપ્રવરોએ જીરાવલના જીર્ણોદ્ધારમાં યોગદાન વિશેષ પ્રમાણમાં આપેલ. તેઓશ્રીના શુભ નામ દેરીઓના શિલાલેખમાં કોતરેલ માલુમ પડે છે.

## જીરાવલની યશોગાથા

ગત પ્રકરણમાં સંઘયાત્રા તથા પૂ આચાર્ય ભગવંત આદિ પદસ્થ–મુનિવરોએ અહીં ચાતુર્માસ કર્યાં હતાં તેની

રસપ્રદ માહિતીને જોઈ ગયા. હવે આ તીર્થની પ્રભાવિકતા કેટલી બધી છે. પૂ. આચાર્યાદિપદસ્થ મુનિ-ભગવંતોએ આ સ્વરચેલ સંસ્કૃત આદિકાવ્યોમાં તેનું સચોટ દર્શન થાય છે. જેઓની નામાવલી આ પ્રકારે છે.

| રચયિતા | સ્તોત્રનું નામ |
|---|---|
| પૂ. શ્રી સૌભાગ્યમુનિજી | શ્રી પાર્શ્વજિનસ્તોત્ર |
| પૂ. શ્રી લક્ષ્મીસાગરસૂરિજી | શ્રી પાર્શ્વનાથ સ્તવન |
| પૂ. શ્રી ઉદયધર્મગણિવર | શ્રી જીરાપલ્લી પાર્શ્વનાથ સ્તવન |
| પૂ. શ્રી સિદ્ધાંતરુચિ–શ્રી | શ્રી પાર્શ્વજિન સ્તવન |
| જયરાજપુરીશ | શ્રી જયરાજપલ્લી મંડન શ્રી જીનસ્તવન |
| પૂ. શ્રી મહેન્દ્રસૂરિજી | શ્રી જીરાપલ્લી તીર્થાલંકાર શ્રી પાર્શ્વનાથ સ્તવન |
| પૂ. શ્રી ભુવનસુંદરસૂરિજી | શ્રી જીરાઉલી મંડન શ્રી પાર્શ્વજિન સ્તવન–૩ |

આચાર્ય ભુવનસુંદરસૂરિજી–રાણકપુર તીર્થની પ્રતિષ્ઠા કરવાવાલા આચાર્ય સોમસુંદરસૂરિના ત્રીજા શિષ્ય હતા. જેઓ એક બહુશ્રુત વિદ્વાન્ હતા. તેઓએ કેટલાય કાવ્યોની રચના કરી હતી. આ જ સંઘાડાના શ્રી લક્ષ્મીસાગર સૂરિજીને સં. ૧૫૦૮માં સૂરિપદની પ્રાપ્તિ થઈ હતી. જેઓ-શ્રીએ ઇડરગઢ પર શ્રી અજીતનાથ ભગવાનની મૂર્તિની

પ્રતિષ્ઠા કરી હતી. સિરોહીના તે વખતના મહારાવ લાખાના મંત્રી ઉજલશી તથા કાજીએ કરાવી. કેટલાક ધાર્મિક અનુષ્ઠાનોમાં આ આચાર્યશ્રીની ઉપસ્થિતિ નોંધપાત્ર હતી. જેઓ શ્રીમદે આબુ, અચલગઢ, આદિ તીર્થો પર કેટલીય જિન પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. આ ઉજલશી અને કાજીએ શ્રી લક્ષ્મીસૂરિજીના શિષ્ય સોમજયસૂરિની સાથે જીરાવલ તીર્થની યાત્રા કરીને સાત દિવસનો ઉત્સવ ઉજવ્યો હતો.

"શ્રી સોમદેવૈઃ સહસૂરિભિઃ પુરા યૌ જીરાપલ્લ્યાં જિન પાર્શ્વ વંદનમ્ । અકારિષાતામિહ સપ્તવાસરાન્ મહેન યાવત્ કર મોચનાદિના

(ગુણરત્નાકર કાવ્ય, સર્ગ–૩)

સં.૧૩૨૦ લગભગ માંડવગઢ (માલવા)ના મંત્રીશ્વર પેથડશાહે ૮૪ જિન મંદિર બંધાવેલ તેમાંથી એક મંદિર જીરાપુરમાં કરાવ્યું હતું. જીરાપુર પ્રાયઃ આ જ જીરાવલ જ હશે કારણ કે મંદિર કરાવ્યાનો અર્થ જિર્ણોદ્ધાર કરાવ્યાનો પણ થાય છે. તેમના વંશજ ઝાંઝણશાહે વિ. સં. ૧૩૪૦ના માહ સુદ ૫ ના દિવસે નાગદાના નવખંડા પાર્શ્વનાથની યાત્રા કર્યા પછી સંઘ સાથે જીરાવલ તરફ પ્રસ્થાન કર્યું હતું. ત્યાં સંઘવીએ કરોડો ફુલોથી પૂજા તથા ૬ મણ કપૂરથી ધૂપ પૂજા કરી હતી. એક લાખ રૂપિયાના ખર્ચે તૈયાર કરેલ મોતી તથા સોનાના તારથી ભરેલો ચંદરવો મંદિરમાં ભેટ કર્યો હતો.

(પં. રત્નમંડનગણિવિરચિત–સુકૃતસાગર, તરંગ ૩–૮)

વિ. સં. ૧૩૮૭માં "સપ્તતિશતસ્થાન" ઈત્યાદિ ગ્રંથોનાં રચયિતા તપાગચ્છનાયક શ્રી સોમતિલકસૂરિએ શત્રુંજય મહાતીર્થની વંદના કરતી વખતે જીરાવલ્લી પાર્શ્વભવનમાં ૧૪ જિનેશ્વરદેવોને નમસ્કાર કર્યો છે.

"ચિલ્લાતલાવલ્લી સમીપે અલક્ષ દેવકુલિકાયાં;
અજિતનાથ ભવને, જીરાપલ્લી પાર્શ્વભવને ચ
૧૪ જિનાન્ વંદતેસ્મ"

કથાકોશ (છાણી જૈનજ્ઞાનમંદિર હસ્તલિખિત–પ્રતિ, પત્ર, ૧૭૧)

વિક્રમની ૧૪ મી શતાબ્દીના ઉત્તરાર્ધમાં સુલતાન મુહમ્મદ તુગલક પર પ્રભાવ પાડનારા આચાર્યજિન પ્રભસૂરિએ "જીરિકાપુરપતિંસદૈવત" તેથી પ્રારંભવાલુ ૧૫ ગાથાવાલું જીરાપલ્લી પાર્શ્વનાથ સ્તવન બનાવ્યું છે. ૧૫ મી શતાબ્દીમાં આચાર્યશ્રી જયસિંહસૂરિ જીરાવલા મંડન શ્રી પાર્શ્વનાથ સ્તોત્રમાં આ તીર્થપતિની અત્યંત ભાવભરી સ્તુતિ કરતાં કહે છે કે :–

પ્રણમદમર મૌલિસ્મેરકોટીર કોટી ।
પ્રસ્મર કિરણૌઘોન્નિદ્રપાદારવિંદમ્
વિધુર વિવિધ બાધુમ્ભોધિતીરાભં
જીરાવલિનીલયમહંતંસ્તોત્રમિવામાતનુજમ્ ।।૧।।
ચકાસ્તિ કુશલા વલીલન વેશ્મજીરાવલી
મહી વલય મંડનસ્ત્રિજગતી વિપત્ખંડન
ય એષ ભુવન પ્રભુઃ સ. જયસિંહસૂરિ સ્તુતો
દદાતુ પરમંપદં સપદિ પાર્શ્વનાથો જિનઃ ।।૨।।
(જૈન સ્તોત્ર સંગ્રહ પ્રાચ્યવિદ્યામંદિર–વડોદરા)

આ શતાબ્દીમાં કવિરાજ શ્રી જયશેખરસૂરિએ જીરાપલ્લીય પાર્શ્વનાથને વિનંતિ ગુજરાતી ભાષામાં આ મુજબ બનાવી છે :–

"જગન્નાથુ જીરાઉલઉ હું જુહારઉં,
પ્રભુ પાસુ પુજા સવે કાલ સારઉં ।
જિકે દેવ જીરાઉલા નામિ લાગઈ,
જઈ બીજા તણુઈ તે ન ભાગઈ ।
સબે દોહિલ્યા તીહ તણુ દૂરિ નાસઈ,
વસઈ સંપદપસિઊં પાય પાસઈ ।
ઘણુઉ ભાઉ જીરાઉલિઈ જઈ વા નસુ,
જિતં થા હરિઉ તાર હરઉ દેવ થા નામઉ ।
કરીએ ગલી વેગલા પાપ – પાસ,
ઈસી માહરી પૂરિ તું આસ પાસ

સંવત ૧૪૩૨માં કવિરાજ મેરુ નંદને યમક અનુપ્રાસની છટાથી યુક્ત "જીરાપલ્લી પાર્શ્વનાથ ફાગુ"નો રચના કરી હતી.

( જુઓ પરિશિષ્ટ )

વિ. સં. ૧૪૭૮ માં પૃથ્વીચંદ્ર ચરિત્રના રચયિતા શ્રી માણિક્યસુંદરસૂરિએ નેમીશ્વર ચરિત્રના પ્રારંભમાં શ્રી જીરાવલા પાર્શ્વનાથની સ્તુતિ કરી છે:–

"નમઉ નિરંજન વિમલસભા વિહિં ભાવહિં મહિમ નિવાસ રે દેવ જીરાપલ્લિવલ્લિય નવઘન, વિઘન હરઈ પ્રભુ પાસરે.

(આત્માનંદ જન્મશતાબ્દિ સ્મારક ગ્રંથ)

વિ. સં. ૧૪૮૫માં પીપલગચ્છના હીરાનંદસૂરિએ પોતાના વિદ્યાવિલાસચરિત્ર–પવાડે (પાટણ જૈન ભંડાર) ના પ્રારંભમાં વંદના કરી છે.

"પહિલઉં પણમિઅ–પઢમ જિણેસર સિત્તુંજય અવતાર
હથિણઉરિશ્રી શાંતિજિણેસર ઉજલિ (જંતિ) નેમિકુમાર
જીરાઉલિપુરી પાસ જિણેસર સાચઉરી વર્ધમાન
કાસમીરપુરી સરસતીસામીણી "દિઉ મઅ નિતુ વરદાન"

પંદરમી શતાબ્દિના ઉત્તરાર્ધમાં આચાર્ય મુનિસુંદરસૂરિએ "જયશ્રી" શબ્દથી યુક્ત જિનસ્તોત્ર રત્નકોશમાં જીરાવલપાર્શ્વનાથનું સ્મરણ કર્યું છે.

"જયશ્રિયં સર્વરિપૂન્ જીગીષતાં,
સ્તુતા યદાખ્યાઽપિ તનોતિ મંત્રવત્ ।
સ્તવિ મિતં પાર્શ્વજિનં શિવશ્રિયે,
શ્રી જીરિકાપલ્લિ અવતંસમિષ્ટદમ્ ॥૧॥

લગભગ તેજ સમયે લખેલ કવિ ભુવનસુંદરસૂરિજીના જીરાવલા સ્તોત્રના અવિકલ પરિશિષ્ટમાં આપવામાં આવેલું છે.

સંવત ૧૪૯૯ માં પં. મેઘવિજયજીએ પોતાની તીર્થમાલામાં આ તીર્થને આ પ્રકારે યાદ કર્યું છે.

" ઘણી વાત અરબદની ભલી,
અમ્હિ જાસિઉં હિવ જીરાઉલી
પ્રકટ પાસ' કરઉ અતિભલઉ,
સકલ સામિ જીરાઉલઉ ॥ ૫૯ ॥

સંઘ સંઘ આવઈ ઘણા, પ્રત્યા પુરઈ સવિહુ તણા।
ભાજઈ ભીડરોગ રવિ ગમઈ,
જીરાઉલઉ પાઇણિ સમઈ ।૬૦।

વિ. સં. ૧૫૦૩માં તપાગચ્છીય પં. સોમધર્મગણિએ પોતાના ઉપદેશ સપ્તતિમાં આ તીર્થની સ્થાપના તથા નગરીના વિષયમાં લખ્યું છે કે :—

"શ્રી જીરિકા પલ્લીપુરી–નિતમ્બિની–કંઠસ્થલે હારતુલાં
દધાતિ યઃ પ્રણુમ્ય તં પાર્શ્વજિનં પ્રકાશ્યતે
તત્તીર્થ સંબંધ કથા યથાશ્રુતમ્ !!"

જીરિકાપલ્લીપુરી રૂપી સુંદરીના કંઠસ્થલમાં હાર રૂપ પાર્શ્વજિનને પ્રણામ કરીને આ જ તીર્થ સંબંધી કથાને હું કહું છું.

સં. ૧૪૯૧ માં મહારાણા કુંભકર્ણના મેવાડના દેલવાડા મંદિરના શિલાલેખમાં શત્રુંજય તથા જીરાવલ તીર્થને સમાન શ્રેણીમાં ગણવામાં આવ્યા છે.

(વિજય ધર્મસૂરિ સંપાદિત દેવકુલપાટક યશોવિજય ગ્રંથમાલા પૃષ્ઠ ૩૩)

વિ. સં. ૧૫૧૯ માં જિનપ્રભસૂરિના શિષ્ય મહોપાધ્યાય સિદ્ધાંતરૂચિએ જીરાવલ પાર્શ્વનાથ સ્તોત્રની રચના કરી હતી અને વરદાન પ્રાપ્ત કર્યું હતું. આ સ્તોત્ર પરિશિષ્ટમાં આપવામાં આવ્યું છે, )

સં. ૧૫૨૪ માં લખેલ સોમસૌભાગ્યકાવ્યના મંગલ શ્લોકમાં જીરાવલ્લાનો ઉલ્લેખ છે :—

" શ્રી જીરપલ્લિનગરી ગુરુ મલ્લિપલ્લિ,
પ્રોલ્લસનોન્નત ઘનાઘન સંનિભો યઃ
કાલે કલૌ પ્રવિલસત્પ્રબલ પ્રતાપો,
જાગર્તિ પાર્શ્વજિન રાજમહંસ્તુવે તમ્

આ જ શતાબ્દિમાં તપાગચ્છીય સોમજયસૂરિના એક શિષ્યે જીરાવલ પાર્શ્વનાથનું એક સુંદર સ્તવન બનાવ્યું છેઃ—

" જિરાઉલિ રાઉલિકય નિવાસ,
વાસવ સંસેવિયપવર પાસ
પાસપ્પહુ–મહતું પૂરિ આશ,
અસેસ ણુવંસ નિહય પ્પયાસ ।। ૧ ।।

ખરતરગચ્છના શાન્તિસમુદ્ર સ્તોત્રમાં જીરાવલપાર્શ્વનાથનો ઉલ્લેખ છે :—

' સેરીસે જાલઉરિ જીરવલ્લી કરહેડઈ
પણુ સગ નવ ફણુ મંડણુ ઉપાસુ નમઉ સવિકાલ ।।

પંદરમી શતાબ્દિમાં રત્નાકરગચ્છના આચાર્ય હેમચંદ્ર સૂરિના શિષ્ય જિનતિલકસૂરિજીએ તીર્થમાલા સ્તોત્ર ચૈત્યપરિપાટી ગાથા ૨૨ માં લખ્યું છે :—

" જીરાઉલિ ભેટઉ પાસનાહ "

વિ. સં. ૧૫૧૭માં ભોજ પ્રબંધના રચયિતા રત્નમંદિર ગણિએ ઉપદેશ તરંગિણીમાં તીર્થોના ઉલ્લેખ કરતાં જીરાપલ્લીનું નામ લીધું છે.

માંડવગઢના મંત્રી પેથડકુમારે પાર્શ્વનાથ વિવાહલઉકવિતામાં ભગવાનની પ્રાર્થના કરી છે.

વિ. સં. ૧૫૫૪માં કોરંટગચ્છના કવિનન્નસૂરિએ જીરાઉલા ગીતની રચના કરી છે. (જુઓ પરિશિષ્ટ)

પાટણ જૈનભંડારમાં સુરક્ષિત સં. ૧૫૫૬ માં રચેલ વિક્રમાદિત્ય પંચદંડાતપત્ર ચરિત્રના પ્રારંભમાં સ્તુતિ છે :—

"જયુ પાસ જીરાઉલુ જગમંડણુ જગચંદ ।
જાસપસાઇ પામીઈ નિતનિત પરમાનંદ ॥"

વિ. સં. ૧૫૬૮ માં કવિ લાવણ્યસમયે વિમલપ્રબંધ રાસ ખંડ–૩ ગાથા ૧૧૮ માં લખ્યું છે :—

" જીરાઉલાનઉ મહિમા ઘણુઉ

તેઓના ખીમાઋષિરાસમાં પણ જીરાવલાની સ્તુતિ કરેલી છે :—

'જીરાઉલ જિણુ થંભણુ ઉઅડી મંડણુ પાસ ।
સુરસેવક જે તસુ તણા પુરઈ જહા મન આસ ॥

આજ લાવણ્ય સમયે 'જીરાઉલા પાર્શ્વનાથ સ્તવન' 'જીરાઉલીગહુંલી' આદિ લખ્યું છે.

આચાર્ય શાન્તિસૂરિ રચિત અર્બુદાચલ ચૈત્યપરિપાટી પદ્ય ૧૭ના પ્રારંભમાં "જીરાપલ્લી પાસ જુહારી" વંદના કરેલી છે.

પાટણના જૈનભંડારમાં સુરક્ષિત સં. ૧૫૮૨ માં વાચક સહજસુંદર દ્વારા લખેલી રત્નસારકુમાર ચોપાઈમાં જીરાવલી પાર્શ્વનાથની સ્તુતિ કરવામાં આવી છે.

આ જ સમયના સુધાભૂષણજીના શિષ્ય જિનસૂરિએ "પ્રિયંકર નૃપ કથા"માં જીરાવલનું સ્મરણ પ્રત્યેક પદ્યના આદ્ય અક્ષરમાં કરેલું છે:—

"જીભઈ સાચું બોલી જે, રાગ રોસ કરિ દુરી,
ઉત્તમસું સંગતિ કરો, લાભઇ સુખ જિમભૂરી

સં. ૧૬૦૫ માં ઉપકેશગચ્છના આચાર્ય કક્કસૂરિના શિષ્ય કવિયણે "કુલ ધ્વજ રાસ"માં જીરાવલપાર્શ્વનાથને વંદના કરી છે,

"પાસ જિણેસર પય નમી જીરાઉલિ અવતાર,
મહિયલિ મહિમા જેહનઉ દીસઈ અતિહિ ઉદાર।

કવિ કુશલસંયમે પોતાના "હરિબલરાસ"ના પ્રારંભમાં આ પ્રસિદ્ધ તીર્થનો ઉલ્લેખ કર્યો છે.

"પહિલઉ પ્રણમું પાસ જિરાઉલનું રાય,
મનવંછિત આપઈ સદા સેવઈ સુરપતિ પાય"

તપાગચ્છનાયક હેમવિમલસૂરિના શિષ્ય શ્રુતમાણિકયે પોતાના પ્રભાત પ્રભુ વંદનમાં જીરાવલા પાર્શ્વનાથનો સર્વ પ્રથમ ઉલ્લેખ કર્યો છે :—

"જીરાઉલિપુરિ પાસ નમતાં નિશ્ચઈ
ભવિયણહ પુરઈ મનની આસ, પ્રહિ ઉઠી પ્રભુપ્રણમીઈ !"

વિ. સં. ૧૬૩૮માં બનાવેલ પ્રતિષ્ઠાકલ્પના પ્રારંભમાં જીરાપલ્લીભૂષણ ભગવાનની વંદના કરતાં લખે છે કે :-

"શ્રી પાશ્વેંશો વિભાશાલી લક્ષ્મી રાજ્ય જયપુર :–
જગદ્ ગુરુર્જયત્યેકઃ જીરાપલ્લ વિભુષણમ્ ।"

વિ. સં. ૧૭૫૨ માં પં. રત્નકુશલ વિરચિત "પાર્શ્વ-નાથ સંખ્યા સ્તવન" માં જીરાવલના મહીમાની પ્રશંસા કરી છે.

"જીરાઉલ્લી નવખંડ પાસ વખાણીઇરે;
નામઇ લીલ વિલાસ;
સંકટ વિકટ ઉપદ્રવ સવિ દૂરિઇ ટલઇરે,
મંગલ કમલા વાસ !"

આવી રીતે સં. ૧૬૬૭ માં મુનિ શાન્તિકુશલ વિરચિત ગોડીપાર્શ્વનાથ સ્તવનમાં શ્રી જીરાવલાનો ઉલ્લેખ કર્યો છે.

તપાગચ્છના કવિ હેમવિજયજી ગણિવરની અધુરી "વિજયપ્રશિસ્ત"ના છેલ્લા પાંચ સર્ગ બનાવવાવાલા ગુણ-

વિજયજી ગણિવર્યે આ કાવ્યની દશ હજાર શ્લોક પ્રમાણ ટીકા ઈડરગઢમાં પ્રારંભમાં કરી હતી. અને સં. ૧૬૮૮ માં સિરોહીના જીરાવલા પાર્શ્વનાથની મૂર્તિ સમક્ષ તે ટીકા પૂર્ણ કરી હતી....

"સિરોહી ચૈત્ય પરિપાટી" સ્તવનમાં પં. કાન્તિવિજયજીએ આ પ્રકારે શ્રી જીરાવલા પાર્શ્વનાથનો મહિમા મંડિત સ્વરુપનું વર્ણન કરતાં કહ્યું છે કેઃ–

"પાસ આસ પુરે ભવિ જનકી જીરાવલો જગમાંહિ"
સ્વસ્તિ શ્રી ત્રિભુવન પતિ જયકારી રે.
જીરાવલી જિનરાજ જગ ઉપકારી રે ।
પ્રણમી પદકજ તેહના જયકારી રે.
વરણું તે મહારાજ જગ ઉપકારી રે ॥

## જીરાવલગચ્છની ઉત્પત્તિ : ગચ્છના પ્રસિદ્ધ આચાર્યો

જીરાવલના મહીમાને દર્શાવનારા એક પછી એક નવા પ્રકરણો આપણને કંઇને કંઈનવુ જણાવે છે. ગયા પ્રકરણમાં તેના મહીમા દર્શક કાવ્યોને જોયા. હવે આ તીર્થના નામથી ગચ્છની પ્રસિદ્ધિ અને તેના પ્રભાવક આચાર્યોની જાણકારી આપણને નવી જ સ્ફૂર્તિ પેદા કરાવશે.

ચોર્યાશી ગચ્છમાં જીરાવલ ગચ્છનો ઉલ્લેખ વિક્રમની ૧૬ મી શતાબ્દિમાં ભ્રમરશીએ સુધર્મગચ્છ પરીક્ષામાં કર્યો છે.

જીરાવલતીર્થનો મહીમા એટલો બધો છે કે તેના નામથી ગચ્છ તરીકેની પણ પ્રસિદ્ધિ થઈ છે.

આ ગચ્છની સ્થાપના ક્યારે ? કયા આચાર્યપુંગવે કરી ? શા માટે કરવી પડી ? તેનો ઇતિહાસ મલતો નથી પણ ૧૫ મી શતાબ્દીમાંના આ ગચ્છના આચાર્યોનો કંઈક ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

ગચ્છના પ્રસિદ્ધ આચાર્ય રામચંદ્રસૂરિ દ્વારા પ્રતિષ્ઠિત શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમા ઉદયપુરના જૈન મંદિરમાં વિદ્યમાન છે.

(જૈનલેખસંગ્રહ ખંડ–૨ લેખ ૧૦૪૯ પૂર્ણચંદ્રનાહર)

આ ગચ્છના શાલિભદ્રસૂરિએ પ્રતિષ્ઠિત કરેલ વિ. સં. ૧૪૪૦ પોષ સુદ ૧૧ ના દિવસે શ્રી શાંતિનાથ ભગવાનની મૂર્તિ બડોદરાના ગોડી પાર્શ્વનાથ મંદિરમાં મોજુદ છે.

(જૈન પ્રતિમા લેખ સંગ્રહ ભા. ૨, લેખ ૨૧૪)

વિ. સં. ૧૪૪૯ના વૈશાખ સુદ ૬ શુક્રવારના દિવસે પોરવાલ આહડની પત્ની ચાપલદેના પુત્ર જેસલે શાલિભદ્ર સૂરિદ્વારા પદ્મપ્રભુની મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી હતી.

(અર્બૂદા પ્રાચીન જૈન લેખ સંદોહ લેખ ૬૦૩)

જીરાપલ્લી ગચ્છના વીરભદ્રસૂરિના હસ્તે. વિ. સં. ૧૬૬૮ વૈશાખ ૩ શુક્રવારના દિવસે ઓસવાલવંશીય રામાજીની પત્ની દેવીના પુત્ર માધવે શ્રેયાંસનાથ ભગવાનની પંચતીર્થી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. આ મૂર્તિ ખંભાતના નવખંડા પાર્શ્વનાથ જિનાલયમાં હમણાં પણ છે.

(જૈન પ્રતિમા લેખ સંગ્રહ ભા–૨ લેખ ૮૭૪)

વિ. સં. ૧૪૭૭માં ઓસવાલ વંશના પાંચાએ શ્રી મહાવીરસ્વામી ભગવાનની મૂર્તિ શાલિભદ્રસૂરિના વરદહસ્તે પ્રતિષ્ઠિત કરાવી હતી.

આ મૂર્તિ માતરતીર્થના સુમતિનાથ સ્વામી બાવન જિનાલયમાં મોજુદ છે

(જિન પ્રતિમા લેખ સંગ્રહ ભા–૨ લેખ ૪૬૧ )

વિ. સં. ૧૪૮૩ ના વૈશાખ સુદ ૫ ગુરૂવારના દિવસે સુદાજી ઓસવાલે' પોતાના માતા પિતાના કલ્યાણ માટે શ્રી ચંદ્રપ્રભુની મૂર્તિ ભરાવીને જીરાપલ્લી ગચ્છના ઉદયરત્નસૂરિ મારફતે પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિમા વડોદરાના દાદા પાર્શ્વનાથ મંદિરમાં હજુ પણ છે.

આ ગચ્છના શાલિભદ્રસૂરિની પાટપરંપરામાં થયેલા ઉદયસૂરિજીના હસ્તે પ્રતિષ્ઠિત ભગવાનની પાર્શ્વનાથની ધાતુ-મૂર્તિ મ્યુઝીયમ ( જર્મની )ના મ્યુઝીયમમાં વિદ્યમાન છે.

(પૂર્ણચંદ્ર નાહર જૈન લેખ સંગ્રહ ખંડ-૧ લેખ ૩૯૬)

વિ.સં. ૧૫૨૭માં ઓસવાલ જાતિના કેટલાક શ્રાવકોએ લખનૌમાં શ્રી શાન્તિનાથ પ્રભુની પ્રતિષ્ઠા જીરાપલ્લી ગચ્છના ઉદયચંદ્રસૂરિ હસ્તે કરાવી હતી.

જીરાપલ્લી ગચ્છના ભટ્ટારક દેવરત્નસૂરિના સંતાનીય મુનિ સોમકલશે લખેલી ચિત્રસેન પદ્માવતી કથા ( વિ. સં. ૧૫૨૪ )ના પ્રત પાટણના જૈન ભંડારમાં સુરક્ષિત છે.

વિ. સં. ૧૬૦૨ માં જીરાપલ્લીય ગચ્છમાં લખેલી શ્રાદ્ધપ્રતિક્રમણ સૂત્રવૃત્તિની એક પ્રત સુરત–જૈનાનંદ પુસ્તકાલયમાં મોજુદ છે.

આ પ્રકારે આ ગચ્છના જૈનાચાર્યોએ ઘણાં જ શાસનના કાર્યો કર્યા છે. પરંતુ તેઓના ઉલ્લેખો કાલના ખપ્પરમાં હોમાઈ ગયા છે.

## જી. પા. ના. ચમત્કારિક પ્રસંગો :—

નવા–નવા પ્રકરણોમાં નવિનતા જ દેખાય છે. આ પ્રકરણમાં જીરાવલપાર્શ્વપ્રભુમાં પરમ શ્રદ્ધાને સચોટ બેસાડનારા કેટલાક ચમત્કારી પ્રસંગો રજૂ કરીશ.

ભગવાન પાર્શ્વનાથ તો સ્વયંચિંતામણિ છે. તેઓના ગુણોનું વર્ણન કરવું એટલે ચાંદામામાને અહીં ઉતારવા જેવું દુઃશકયકાર્ય છે. તુચ્છબુદ્ધિ એવો હું શું વર્ણન કરું ? છતાંય કેટલાક પ્રસંગો તમારી સમક્ષ જણાવું છું.

(૧) વિ. સં. ૧૩૧૮ ની આ ઘટના છે.

જૈનાચાર્યશ્રી મેરુપ્રભસૂરિજી મહારાજ પોતાના ૨૦ શિષ્યો સાથે એક ગામથી બીજે ગામ વિહાર કરતા શ્રી જીરાપલ્લી ગામમાં પધારી રહ્યા હતા. તેઓ થોડા આગળ વધ્યા ને રસ્તો ભૂલી ગયા. અને આજુબાજુની પહાડીમાંથી ઝાડીઓની આસપાસ ચક્કર મારતા જ રહ્યા. પરંતુ સારો રસ્તો મળ્યો જ નહીં. આ તરફ સૂર્યદેવ પણ આચાર્યશ્રીની વેદનાને જાણે ન દેખી શકવાથી પશ્ચિમ સાગરમાં ડૂબવાની તૈયારી કરી રહ્યો હતો. આ જંગલમાં હિંસક પશુઓની બોલબાલા પણ ઘણી જ હતી. જેથી એક રાતવાસો કરવો પણ જોખમભર્યું હતું. જીવતા રહીશું કે નહીં એ પ્રશ્ન ઊભો હતો....

આ વખતે સૂરિપુરંદરે એક મોટો અભિગ્રહ કર્યો કે ‘ જ્યાં સુધી આ વિકટ જંગલમાંથી પસાર ન થઈએ અને

દેવાધિદેવ શ્રી જીરાવલ પાર્શ્વનાથના દર્શન ન થાય ત્યાં સુધી પાણી સાથે ભોજનનો ત્યાગ. માનો કે સાગારિક અણસણ.

આ અભિગ્રહ આચાર્યશ્રીએ ગ્રહણ કર્યો કે થોડા સમય પછી સામેથી એક ઘોડેસ્વાર આવતો દેખાયો. આવી ભયંકર ઘાટીમાં કેટલાય કલાકો સુધી કોઈ માણસ દેખાયો નહીં, ત્યાં ઘોડા પર સ્વાર થયેલા માણસને આવતો જોઈને સર્વ મુનિઓએ શાન્તિનો શ્વાસ લીધો. ઘોડેસ્વારે પૂ. આચાર્યશ્રીને સપરિવાર જીરાવલ્લી ગામ સુધી પહોંચાડી દીધા. આચાર્યશ્રીએ આ ઘટનાનું વર્ણન કરેલ છે.

(૨) વિ. સં. ૧૪૬૩ના સમયની વાત છે.

ઓસવાલ જાતીય અને દુધેડિયા ગોત્રવાળા શ્રેષ્ઠીવર્ય આભાસાએ ભરુચ નગરથી ૧૫૦ જહાજ માલના ભરીને ત્યાંથી અન્ય દેશ તરફ વ્યાપાર કરવા માટે પ્રસ્થાન કર્યું.

જ્યારે બધા જહાજ દરીયાના મધ્ય ભાગમાં આવ્યા અને સમુદ્રમાં ભારે તોફાન જાગ્યું. બધા જહાજ આમથી તેમ ઉંચા નીચા હીંડોળાની માફક ડોલવા લાગ્યા. આભાસા શંકિત બની ગયા. ચોક્કસ આ વહાણો પાણી નીચે જશે અને આપણું જીવન પણ નાશ થઈ જશે. આવા સંકટના સમયમાં આભાસા શેઠે શાન્તિપૂર્વક વહાણો પાછા હંકારી જવાનો વિચાર કર્યો. અને પ્રતિજ્ઞા કરી કે આ બધા જહાજ સહી સલામત જો આપણા વતન પહોંચી જાય તો પહેલામાં પહેલાં શ્રી જીરાવલ પાર્શ્વ પ્રભુના દર્શન કરીશ. ત્યાર પછી

બીજા દેશમાં વ્યાપાર માટે જવા પ્રયાણ આરંભીશ. "પ્રતિજ્ઞા કરીને વહાણો પાછા લઈ જવા આજ્ઞા કરી.

બધાય જહાજ નિશ્ચિત સહી સલામત પોતાના નગરે આવી ગયા અને શ્રેષ્ઠીએ તરત જ પ્રતિજ્ઞાનુસાર જીરાવલ તીર્થમાં આવી જીરાવલા પાર્શ્વપ્રભુની યાત્રા કરી.

(૩) જ્યારે આપણા દેશ પર મોગલશાહીનું રાજ્ય સોળે કલાએ ખીલી રહ્યું હતું તે સમયની આ ઘટના છે.

મોગલશાહીના શાસન કાલમાં મુસલમાનો અને હિન્દુઓ બન્નેને રાજ્યકાર્યમાં સ્થાન મલતું હતું.

પોરવાલ જાતીય શેઠ મેઘાસા પોતાના ગુણવૈભવથી રાજ્યમાં એક સારામાં સારા પ્રતિષ્ઠિત કાર્ય પર પદારુઢ હતા, અધિકારી હતા....

મોગલ બાદશાહના પણ શેઠ પર ચાર હાથ હતા યાને તેમના પર પ્રસન્ન હતા. આ કારણથી અન્ય મુસલમાનોના દિલમાં ઈર્ષાનો દાવાનલ ભભૂકી ઉઠ્યો હતો. તેઓ મેઘાસાના કટ્ટર શત્રુ બની ગયા હતા અને શેઠની વિરુદ્ધ બાદશાહને કંઈ ને કંઈ ફરિયાદ કરતા જ રહેતા...

હંમેશાંની આ ફરિયાદોથી સમ્રાટના હૃદયમાં એકદિ ક્રોધ ચંડાલે ઉગ્રરૂપ લીધું અને કાન ભંભેરણીવાલાએ તેમાં ડબ્બલ ઉમેરો કર્યો...ક્રોધાગ્નિ પ્રગટ્યો હતો તેમાં ઘીની આહુતી થઈ.

સમ્રાટે ક્રોધાવેશમાં આવી જઈને હુકમ બહાર પાડયો.

કે, મેઘાસાની તમામ ધનસંપત્તિ લૂંટી લ્યો અને મેઘાસાને મૃત્યુનો મહેમાન બનાવી દો. "યાને મારી નાંખો....

સમ્રાટ્‌ની કડક આજ્ઞાનો કોઈ એક પ્રકારે રાજપુત મેહરસિંહને પત્તો લાગી ગયો અને તેણે મેઘાસા પાસે આવીને ખબર આપ્યા.

મેઘાસાએ સમ્રાટ્‌ની આજ્ઞાથી બચવા માટે કોઈ ઉપાય ન લેતાં ધર્મનું શરણુ સ્વીકાર્યું. મૃત્યુના મુખમાંથી પાછા વળવા માટે પોતાના મકાનમાં તરત જ શ્રી જીરાવલા પાર્શ્વનાથનું ધ્યાન ત્રિવિધ શરૂ કરી દીધું. આસપાસનું સર્વ ભૂલી ગયા....

મેઘાસાએ પ્રતિજ્ઞા કરી કે, જો આ મહાન સંકટમાંથી ઉગરી જાઉં તો જીવનપર્યંત શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનની એક નવકારવાલી ગણ્યા સિવાય પાણી અને ભોજન નહીં લઇશ."

આ તરફ કેટલોક સમય વીત્યા પછી સમ્રાટ્‌નો ક્રોધ ઉતરી ગયો....તેમને પોતાની આ કડક આજ્ઞા માટે અત્યંત પશ્ચાત્તાપ થયો...સમ્રાટે તરત જ મારી નાખવાનો હુકમ પાછો ખેંચી લીધો. અને તેમના વિરૂદ્ધ જે જે ફરિયાદો આવી હતી તેની પૂરી તપાસ કરવા જાતે જ આરંભ કર્યો.

સર્વ ફરીયાદોની તપાસ કર્યા પછી સમ્રાટ્‌ને માલુમ પડયું કે, શેઠની વિરૂદ્ધ કરવામાં આવેલી સર્વ ફરિયાદો નિરાધાર અને બનાવટી હતી.

સમ્રાટે મેઘાસાની ઇમાનદારી, વફાદારી અને સચ્ચાઈ પર આફ્રિન બનીને ખુશ થઈ એક ગામ ભેટ ધર્યું....

(૪) એક વખત પચાસ લૂંટારૂં એકઠા થઈને અડધી રાતે ચોરીના ઈરાદાથી મંદિરમાં ઘુસ્યા, અને તમામ સારી સારી ચીજો ભેગી કરી, દરેકે પોતાને મનગમતી વસ્તુઓ લઈને પોટલી બાંધી અને જ્યાંથી ઘુસ્યા હતા, ત્યાંથી બહાર જવા લાગ્યા. એટલામાં જ બધાની આંખો આગળ અંધારૂં છાઈ ગયું, તેઓને કાંઇ જ દેખાવા ન લાગ્યું.

તેઓ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં પત્થરની ભીંત ટકરાવા લાગી. પથ્થરોથી માથુ કુટતાં માથામાંથી લોહી વહેવા લાગ્યું. આવી રીતે નીકળવા માટે પ્રયત્ન કરતાં રાત પસાર થઇ ગઈ. સવાર થતાં બધાય પકડાઇ ગયા.

(૫) જીરાપલ્લી સ્તોત્રના રચયિતા આચાર્ય મેરૂતુંગ-સૂરિ વૃદ્ધાવસ્થાના કારણે જ્યારે પગે ચાલવાથી શરીરે ક્ષીણ થઇ ગયા ત્યારે તેઓશ્રીએ જીરાવલની યાત્રાએ જતાં સંઘની સાથે ત્રણ શ્લોક લખી મોકલ્યા.

જીરાપલ્લી પાર્શ્વ પાર્શ્વ યક્ષેણ સેવિતમ્<br>
અર્ચિતં ધરણેંદ્રેન પદ્માવત્યા પ્રપૂજિતમ્ ॥ ૧ ॥<br>
સર્વ મયં સર્વ કાર્ય સર્વ સિદ્ધિકરં પરમ્ ।<br>
ધ્યાયામિ હૃદયાંભોજે ભૂતપ્રેત પ્રણાશકમ્ ॥ ૨ ॥

શ્રી મેરૂતુંગસૂરીન્દ્રઃ શ્રીમત્પાર્શ્વપ્રભોઃ પુરઃ<br>
ધ્યાન સ્થિતં હૃદિ ધ્યાયન્ સર્વસિદ્ધિં લભે ધ્રુવમ્ ।૩।

સંઘપતિએ જયારે આ ત્રણ શ્લોકોને ભગવાનની સામે રાખ્યા....તરત જ અધિષ્ઠાયક દેવે સંઘની શાન્તિના માટે સાત ગુટિકા (ગોળી) આપી હતી અને જણાવ્યું હતું કે ખાસ જરૂર પડે ત્યારે જ આ ગોળીનો પ્રયોગ કરવો.


(૬) લોલપાટક (લોલાડા) નગરમાં સર્પનો ઉપસર્ગ થવાથી મેરૂતુંગસૂરિએ પાર્શ્વનાથ મહામંત્ર યંત્રથી ગર્ભિત સ્તોત્રની રચના કરી જેથી સર્પનું ઝેર અમૃત થઇ ગયું.

(૭) સં. ૧૮૮૯ ના માગશર વદ ૧૧ ના દિવસે વડોદરા આચાર્ય શાન્તિસૂરિને સ્વપ્નમાં અધિષ્ઠાયક દેવે ભગવાનને પ્રગટ કરવાનું કહ્યું. શાંતિસૂરિજીના કહેવાથી શેઠશ્રીએ જમીન ખોદીને ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા પ્રાપ્ત કરી.


આ પ્રતિમા સર્વને કલ્યાણ કરનારી હોવાથી કલ્યાણ પાર્શ્વનાથના નામથી વડોદરામાં મામાની પોળમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી છે.

આમ તમારી સામે થોડાક આ પ્રસંગો મહત્ત્વભર્યા રજૂ કર્યા છે. જો તમો શ્રદ્ધા રાખશો તો તમો પણ જરૂર ચમત્કારિક બની જશો.


એમાં શંકા નથી જ.




જીરાવલ, રસ્તાઓ તથા આસપાસ આવેલાં મંદિરોના આલેખ



વરમાણ મંદિરના ઉન્નત શિખરો



વરમાણ તીર્થાધિપતિ ચરમ તીર્થંકર
ભગવાન મહાવીર

# મૂંગથલા આદિ મંદિર જુહારિયે

તમે જીરાવલતીર્થના અનેક પ્રકરણ દ્વારા જાણકાર બની ગયા જેથી જીરાવલ પ્રભુ તરફ ઘણું જ બહુમાન પ્રગટ થયું જ હશે. એમાં બે મત નથીજ.

હવે જીરાવલતીર્થના આ મંદિરોની સ્પર્શના કરાવું જેથી આ તીર્થની પ્રભાવિકતાનો વધુ ખ્યાલ આવશે.

આબુ તીર્થને તો બધા જ જાણે છે. જેથી તે સિવાયના મંદિરોની માહિતી તમોને આપીશ. જેથી તે સિવાયના મંદિરોની યાત્રાનો અનુપમ લાભ મળે.

મુંગથલા :–તમે જ્યારે આબુ રોડથી જીરાવલા બાજુ જાવ ત્યારે મહેરબાની કરીને મુંગથલા ( મુંડસ્થલ )ના દર્શન કરવાનું ન ભૂલી જતાં.

આ મંદિર દેવવિમાન જેવું બનેલું ઘણું ઊંચું છે. આ મંદિરમાં મૂલનાયક વર્તમાન તીર્થપતિ શ્રી મહાવીર સ્વામી પ્રભુ છે. પ્રાચીન તીર્થમાલાઓમાં આ તીર્થના મહિમાની ઘણી જ પ્રશંસા થઈ છે.

આ મંદિરમાં વિ. સં. ૧૪૨૬ નો એક લેખ છે. જેમાં આ પ્રમાણે લખ્યું છે કે, પહેલાં છદ્મસ્થ અવસ્થામાં પ્રભુ મહાવીરે આ ભૂમિ પર વિહાર કર્યો હતો. તેઓના જન્મના ૩૭ માં વર્ષમાં પૂર્ણરાજ નામના રાજાએ ભગવાનની મૂર્તિ બનાવી હતી. અને કેશી ગણધરે તેની પ્રતિષ્ઠા કરી હતી.

આ મંદિર અત્યંત પ્રાચીન છે. તેનો ઉલ્લેખ ચાલુ લુણવસહી મંદિરના શિલાલેખોમાં છે. (સં. ૧૨૮૭) પ્રસિદ્ધ છે. જૈનાચાર્ય લક્ષ્મીસાગરસૂરિએ અહીંયાં ઉપાધ્યાય-વાચક પદની પ્રાપ્તિ કરી હતી. (સં. ૧૫૦૧)

વિ. સં. ૧૭૨૨ માં બનાવેલ પં. મહિમા વિજયજીની તીર્થમાલાના અનુસાર તે વખતે મુંગથલમાં ૧૧૪૫ જિનબિંબ હતા.

સં. ૧૪૨૬ માં પોરવાલ મહિપાલના પુત્ર શ્રીપાલે આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. અને આચાર્ય કક્કસૂરિના શિષ્ય સર્વદેવસૂરિએ પ્રતિષ્ઠા કરી હતી.

સં. ૧૪૦૨ ના શિલાલેખ અનુસાર જાલોરના ચૌહાણ રાજા કાન્હડદેવના પુત્ર વિસલદેવ રાજવીએ આ મંદિર માટે કેટલાક ગામ ભેટ આપ્યા હતા.

અહીં મુદ્ગલેશ્વર મહાદેવનું પણ એક મંદિર છે. જેની મોટી માન્યતા છે.

આ મંદિરમાં લાગેલા સં. ૮૯૫ ના શિલાલેખ પરથી માલુમ પડે છે કે, આ સ્થાન ઘણું જ પ્રાચીન છે.

સં. ૧૩૮૯ માં કોરંટગચ્છના શ્રી નન્નસૂરિના સંતાનીયના હાથે શ્રેષ્ઠી ધાંધલે મુંગથલાના મહાવીર મંદિરમાં બે કાયોત્સર્ગ પ્રતિમા બનાવી હતી. બન્ને મૂર્તિઓ આ સમયે દેલવાડાના મંદિરમાં મોજુદ છે.

ઉપદેશ તરંગિણીના અનુસાર મુંગથલાના પોરવાલ આબુના વિમલવસહી મંદિરમાં સ્નાત્રોત્સવ આદિ પુણ્યકાર્ય કરતા હતા.

સં. ૧૪૨૬ માં આ મંદિરનો જીર્ણોદ્ધાર પોરવાલ મહિપાલના પુત્ર, શ્રી શ્રીપાલે કરાવ્યો હતો. મંદિરમાં સં. ૧૨૧૬નો પણ મરામત કરાવ્યાનો લેખ છે.

બારમી શતાબ્દીમાં થયેલા આચાર્ય મહેન્દ્રસૂરિએ પોતે બનાવેલ અષ્ટોત્તરી તીર્થમાલામાં લખ્યું છે કે ભગવાન મહાવીર પોતાની છદ્મસ્થ અવસ્થામાં અહીં વિચર્યા હતા. અંચલગચ્છીય પંચ પ્રતિક્રમણ સૂત્રમાં આ સત્ય વાતનો ઉલ્લેખ આ મુજબ છે.

અબ્બુય ગિરિવર મૂલે, મુંડથલે નંદી રુક્ખ અહભાગે ।
છઉમત્થકાલિ વીરો અચલ શરીરો ઠિઓ પડિમં. ।૯૭।

તો પુન્નરાય નામા, કોઈ મહપ્પા જિણસ્સભત્તીએ
કારઈ પડિમં વરિસે, સગતીસે (૩૭) વીરજમ્માઓ ।૯૮।

કિંચુણા અટ્ઠારસ વાસસયાએ ય પવર તિત્થસ્સ ।
તો તિત્થ ઘણસમીરં થુણેમિ મુંડત્થલે વીરં ।૯૯।

**દત્તાણી**: મુંગથલા મહાતીર્થના દર્શન કરીને સિરોહીના પ્રસિદ્ધ રણખેત દત્તાણી થઈ ને ધવલે પહોંચીયે. દત્તાણીમાં જૈન મંદિર ખાલી પડ્યું છે. ગંભારો, ગૂઢમંડપ, છચોકી, સભા મંડપ, શૃંગાર ચોકી, ભમતી તથા કોટયુક્ત આ મંદિર છે. પરંતુ હમણાં જીર્ણ છે. આ મંદિર સં. ૧૩૩૯ ના પહેલાનું છે. કેમ કે, મંદિરની એક ખંડિત

મૂર્તિ પર આ લેખ છે. મંદિરમાં ૧૨૧૬, ૧૨૮૮ સં.ના લેખ છે. આચાર્ય જયસિંહસૂરિજીના શિષ્ય આર્યરક્ષિત સૂરિનો જન્મ આ ગામમાં થયો હતો.

**ધવલી** : ધવલીના ભગવાન મહાવીરનું ભવ્ય મંદિર સં. ૧૧૩૯ પહેલાનું છે.

**ભટાણા** : ધવલીથી ભટાણા જવાનું ના ભૂલતા. અહીં શાંતિનાથ ભગવાનનું ભવ્ય મંદિર છે, મંદિર સં. ૧૮૮૦ નું છે. પરંતુ શ્રી. મેઘરચિત તીર્થમાલામાં ( સં. ૧૪૯૯ ) આ ગામના મંદિરનો ઉલ્લેખ છે.

**રેવદર** : હવે આપણે રેવદર પહોંચીએ. આ ગામ સંવત ૧૮૪૦ માં વસ્યું છે. અહીંનું મંદિર સં. ૧૯૦૫ માં બન્યું છે.

**વરમાણ** : જીરાવલા પાછા જઈને પછી વરમાણ જઈએ. અહીં મહાવીર સ્વામીનું એક ભવ્ય મંદિર છે. આ મંદિર ઊંચું અને વિશાલ છે. આ ગામથી બ્રહ્માણ-ગચ્છની સ્થાપના થઈ છે. મંદિરમાં સં. ૧૨૪૨, ૧૩૫૧ અને ૧૪૪૨ના લેખ છે. આ મંદિર ઘણું જૂનું છે. કેમ કે, અહીંનું સાતમી શતાબ્દીનું બનેલું બ્રહ્માણસ્વામીનામનું સૂર્યમંદિર ભારત વર્ષના પ્રસિદ્ધ સૂર્યમંદિરોમાંનું એક છે.

**મંડાર** : વરમાણથી મંડાર જવાનું ન ભૂલી જવાય. આ ગામમાં શ્રી ધર્મનાથ અને મહાવીર સ્વામીના મંદિરો છે. પ્રાચીન લેખોમાં આ ગામનું નામ મડાહડ લખવામાં

આવ્યું છે. આ ગામમાં શ્વેતામ્બર જૈનોમાં મડાહડગચ્છ પ્રસિદ્ધ થયો છે.

ગુજરાતના ઈતિહાસમાં પ્રસિદ્ધિ પામેલા વાદિદેવસૂરિ મહારાજનો આ ગામમાં જન્મ થયો હતો. સં. ૧૧૪૩....આ મંદિરોમાં જુનામાં જુનો લેખ સં. ૧૧૧૬ મહા સુદ ૧૦ તથા સં. ૧૨૫૯ નો છે.

આબુના લુણવસહીના ૧૨૮૭ સં. ના લેખમાં મંડારના મંદિરોની માહિતી છે. અને પ્રાચીન તીર્થમાલાઓમાં પણ આ ગામનું વર્ણન છે. મડાહડીયા ( મરડિયા ) ગોત્ર આ ગામથી શરૂ થયું છે.

**સિરોહી :** જો તમે જીરાવલથી સિરોહી તરફ જવાના હો તો આ ગામના મંદિરોના દર્શન કરવાનું ચૂકતા નહીં. સિરોહીનું પાર્શ્વનાથ મંદિર અને સનવાડાનું શાંતિનાથ ભગવાનનું મંદિર સં. ૧૬૧૭ નું છે.

**સિરોડી :** મંદિરમાં મૂલનાયક ભગવાનની પંચતીર્થી પરિકરવાળી ઘણી સુંદર છે. આ મંદિર લગભગ ૩૦૦ વર્ષ જૂનું છે.

સં. ૧૭૪૬ માં પં. શીલવિજયજીએ પોતે રચેલ તીર્થમાલામાં લખ્યું છે કે :—

સ્યાકરે સીરોધી વામાનન્દ
હંસી હંસી પુરી પ્રણમું ॥

**પાલડી-ગુલાબગંજ** : અહીં શાન્તિનાથ ભગવાનનું ભવ્ય મંદિર છે. મંદિરમાં પ્રતિષ્ઠિત આદીશ્વર ભગવાનની શ્યામ વર્ણની પ્રતિમા પર સંવત ૧૫૪૫ નો લેખ છે. મંદિરની નવ ચોકીના સ્થંભ પર સં. ૧૬૫૭ નો લેખ છે.

**અનાદરા** : આ ગામનું જુનું નામ હુંડાદ્રા હતું. પ્રાચીન કાલમાં આબુનો બીજો દરવાજો હતો. અહીં આદીશ્વર ભગવાનનું સુંદર જિનાલય છે. આ ગામનો ઉલ્લેખ આબુના લુણવસહી મંદિરના શિલાલેખોમાં જોવા મલે છે.

**કૃષ્ણગંજ** : અહીં સુમતિનાથનું મનોહર જિનમંદિર છે. એમાં સં. ૧૦૭૪ ની એક ધાતુની ત્રિતીર્થી મૂર્તિ છે. જે અત્યંત દુર્લભ છે.

**મીરપુર** : આનું જુનું નામ હમીરગઢ અથવા હમિરપુર હતું. આજે પણ પર્વત પર તૂટેલા કિલ્લાના ખંડિયેર દેખાય છે. અહીં પાંચ મંદિર છે. તેમાં ત્રણ તો ખાલી છે. પર્વતની તળેટીમાં આવેલું મુખ્ય મંદિર નિર્જન વનમાં ( માણસોની વસ્તી વગર જંગલમાં ) દેવ વિમાન જેવું શોભી રહ્યું છે આ મંદિર આઠમી શતાબ્દીનું છે. એની કરઘણી હાથીયોની છે. આ મંદિરમાં શૃંગારચોકી અને મુખ્ય મંદિરની ચારે બાજુ ભીંતમાં બેઠેલી મૂર્તિઓ આચાર્ય, શેઠ, શેઠાણી, દેવી, દેવતાઓ અને યક્ષોની છે. જે પોતાની પ્રાચીન કલા દર્શાવતી આપણું વારંવાર ધ્યાન ખેંચતી હોય તેવી ભવ્યાકૃતિ છે. મંદિરનું શિખર ઘણું

સોહું છે. અને ભવ્ય છે. અનેક કલાથી કોતરેલું છે. પરંતુ હમણાં જીર્ણ અવસ્થામાં છે.

ભીંતોમાં ઘણા ઐતિહાસિક પ્રસંગો કોતરેલા છે. ગુંબજ ખાસ જોવા જેવો છે. જે પોતાની ભવ્યતા અને બારીક તીક્ષ્ણ કલામાં દેલવાડા તથા રાણકપુરના ગુંબજોની યાદ આપે છે.

વીર વંશાવલીના અનુસાર આ મંદિરનો જિર્ણોદ્ધાર સં. ૮૨૧ માં પોરવાલ મંત્રી સામંતે કરાવ્યો હતો.

આ મંદિરના શિલાલેખો પરથી માલુમ પડે છે કે આ મંદિરમાં બે શિલાલેખ સં. ૧૫૫૦ તથા ૧૫૫૬ના છે.

૧૫૫૬ માં આ મંદિરમાં શ્રી ગોડી પાર્શ્વનાથની મૂર્તિની સ્થાપના કરવામાં આવી. જે હમણાં મુંબઈ પાયધૂની સ્થિત ગોડી પાર્શ્વનાથ મંદિરમાં પ્રતિષ્ઠિત છે. ત્યાર પછી આ મંદિરમાં નવલખા પાર્શ્વનાથની સ્થાપના કરવામાં આવી. આની પુષ્ટિ ( દાવો ) પૂ. ઉત્તમવિજયજી કૃત પાર્શ્વનાથ ૧૦૮ નામવાળા છંદથી માલુમ પડેલી છે.

હમીરપુરા પાસ પ્રણુસું વલી નવલખા,
ભીંડ ભંજન પ્રભુ ભીડ ભાંગે.

મીરપુરની ઘણી મૂર્તિઓ સિરોહીના મંદિરોમાં સ્થાપિત છે.

મીરપુરનું બીજું મંદિર ઘણું સાદું છે, સરલ છે. એમાં વિ. સં. ૧૨૧૯ ૧૩૪૬ ના લેખો છે.

આ મંદિરના કલાત્મકપૂર્ણ કાઉસ્સગ્ગીઆની વર્ધમાન-સૂરિએ પ્રતિષ્ઠા કરેલી છે. હમીરપુર ઘણું જુનું તીર્થ છે.

જૈન પુસ્તક પ્રશસ્તિ સંગ્રહ પહેલા ભાગ પાના ૯૮ પર. "શતાપદિકા" નામની વિ. સં. ૧૩૨૮ માં લખેલી એક હસ્તલિખિત પ્રતમાં લખેલું છે કે, હમીરપુરના નિવાસી સાલ્હડના પુત્ર શેઠ કડુકાએ પોતાના ભાઈ ઉદા શ્રાવકના કલ્યાણના માટે બાડમેરના મહાવીર મંદિરમાં વિ. સં. ૧૩૨૭ માં એક પાર્શ્વનાથ બિંબની સ્થાપના કરી હતી. અહીં એક ધર્મશાળા તથા વાવ છે. આબુરોડ જૈન શ્વેતામ્બર સંઘ આ તીર્થનો જિર્ણોદ્ધાર કરાવી રહેલ છે.

॥ श्री ॥